Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ—દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 14, Issue. 252, September 2023

**પ્રિય વાચક મિત્રો,**

સંસ્કૃત વિષય વિશે જાણકારી હોવી તે સંસ્કૃત નથી. શાસ્ત્રોની, વેદ—ઉપનિષદ જેવાં શાસ્ત્રોની, વિજ્ઞાનની ઊંડી સૂઝસમજ હોવી તે પણ સંસ્કૃત નથી. સંસ્કૃત વ્યાકરણ આવડવું તે પણ સંસ્કૃત નથી. સંસ્કૃત બોલતાં આવડે એ સંસ્કૃત છે. 'વસ્તુ સંસ્કૃત ન તુ સંસ્કૃત વિષયમ્' – આ જે સંસ્કૃત ભારતીનું સૂત્ર છે તેને પકડવું જોઈએ. સંસ્કૃત બોલતાં શીખવવું તે શીખવી શકાય છે, કેમ કે બોલવાથી બોલતાં આવડે છે. ભાષા શીખવાનો આ નિયમ છે. બાળક પણ જેવું સાંભળે છે તેવું બોલે છે, તેની યોજના બનાવવાની આવશ્યકતા છે, કારણ શું? સૌ પ્રથમ વાણીશુદ્ધિ માટે, શિક્ષિત વ્યકિત અને અશિક્ષત વ્યકિતમાં જો કોઈ અંતર હોય તો તેની વાણીશુદ્ધિ છે. અભણ પણ બોલે તો છે જ. મનુષ્ય સમાજમાં જન્મ્યો અને રહે એટલે બોલશે જ, પરંતુ કેવું બોલશે તે તેના શિક્ષણ અને સંસ્કારોના વિકાસ પર આધારિત છે, તેથી વાણીશુદ્ધિ, ઉચ્ચારણશુદ્ધિ હશે તો ભારતની કોઈ પણ ભાષા માતૃભાષા જેટલી સરળતાથી બોલી શકશે, પણ તે માટે સંસ્કૃત ભાષા બોલતાં આવડે તે જરૂરી છે. એકદમ નાનાં બાળકોને સંસ્કૃતના શ્લોકો બોલાવવા જોઈએ. ખૂબ સરળતાથી બોલી શકે છે. આપણી યોજનામાં તેનો આગ્રહ રાખવો જોઈએ. અત્યારે જ્યાં તેનું સ્વરતંત્ર તૈયાર થઈ રહ્યું હોય ત્યાં યોગ્ય વ્યવસ્થા કરી તો જીવનભર તેની વાણી, ઉચ્ચારની શુદ્ધિ, ભાષાશુદ્ધિ સ્વાભાવિક બની જશે. પછી ચિંતા નહી કરવી પડે. આ દૃષ્ટિથી શ્લોકો, મંત્રો, સૂત્રો જેવાં કે પતંજલિનાં, તૈત્તિરીય ઉપનિષદ' નાં, બ્રહ્મસૂત્રો' નાં છે તે શીખવી શકાય. જલદી કંઠસ્થ કરી લેશે, કેમ કે નાની ઉંમરમાં તેની સ્મૃતિ હંમેશા તેજ રહેતી હોય છે. ગળામાં બેસી જશે. જેવું સાંભળશે તેવું જ શીખી જશે, તેથી શીખવતી વખતે કયાંક ખોટા સ્વર અથવા ઉચ્ચાર ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું. બીજા—ત્રીજા ધોરણમાં સંસ્કૃત બોલતાં શીખવવું. હવે તો ઘણી જગ્યાએ નાના—નાના વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત બોલે છે. સંસ્કૃત ભારતીએ આ સૌથી મોટું કામ કર્યું છે. સંસ્કૃત ભાષા બોલતા શીખવવું અને સંભાષણ પદ્ધતિથી સંસ્કૃત બોલતાં શીખવવું એ બંને વાતો આપણે કરવી જોઈએ. તે માટે જેમ અંગ્રેજી શીખવા માટે ડિરેકટ મેથડનો ઉપયોગ કરીએ છીએ, સાધનસામગ્રીનો પ્રયોગ કરીએ છીએ. સાધનસામગ્રીની ઉપયોગ કરીએ છીએ તે પ્રકારે સંસ્કૃત શીખવતી વખતે પણ આ પદ્ધતિ અપનાવવી જોઈએ. જેવી રીતે અંગ્રેજીમાં એક પદ્ધતિ હતી Grammer Translation Method તેવી સંસ્કૃતમાં ઉપયગમાં લેવાની કોઈ આવશ્યકતા નથી અને ઉપયોગિતા પણ નથી સીધેસીધું સંસ્કૃત બોલતાં આપણે શીખવી શકીએ છીએ. તેનાથી જ આપણી મરાઠી ભાષા, ગુજરાતી ભાષા પણ ઠીક થઈ જશે. પરંતુ આગ્રહ રાખવો શુદ્ધિનો. સ્વાભાવિક રીતે જ થઈ શકશે, પરંતુ તેના માટે કેટલાક પ્રયત્નો કરવા પડશે, નહી તો મોટી અવ્યવસ્થા થઈ જાય છે. આપણે ત્યાં આજકાલ ઓડિયો કેસેટ તૈયાર કરીને બજારમાં મૂકનાર અનેક કંપનીઓ દ્વારા અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે પણ તેમાં સંસ્કૃત મહાકાવ્યનોના ગાનમાં ઘણી બધી તૂહીઓ જોવા મળે છે, દા.ત. કાલિદાસનું 'મેઘદૂત' ગાયેલું અને તે પણ મંદાક્રાન્તા છંદમાં સાંભળવા મળશે. સાંભળ્યું તો અત્યંત દુઃખ થયું. કારણકે મંદાક્રાન્તા પણ નહી. તેને એટલું વિકૃત કરી દીધું. તેમાં ધ્રુવ દીર્ઘ પણ નહી, સંસ્કૃતનો સંધિ—સમાસનું પણ કોઈ ધ્યાન નહી, ગાનાર ને વિદાસને, ન મેઘદૂતને, ન સંસ્કૃતને, ન છંદને, ન સંગીતને જાણતા હતા. સંગીત તેના માટે સાધના હોતું નથી, તેથી ગમે તેવો સ્વર આ યંત્રોમાં ગળાઈ—ગાઈને ઑડિટરના માધ્યમથી નિયંત્રિત થઈને આવેલ પરિષ્ઠત સ્વરૂપ હતું, તેથી ન સંગીત, ન સંસ્કૃત, ન સાહિત્ય, ન છંદ પ્રત્યે કોઈ અનુરાગ અથવા આદર—કોઈના પણ પ્રત્યે નહી. પરિણામે વિદ્યાલયમાં તેમને સંગીત, સંસ્કૃત, સાહિત્ય, છંદ – આ બધાના વિષયમાં આ જ પ્રકારે શીખવવામાં આવે છે. મંદાક્રાન્તા છંદ કેવો હોય છે. તેની કોને ચિંતા છે? એની પણ કોને ચિંતા છે? સંધિ—સમાસ શુ છે એની પણ કોને ચિંતા છે? અર્થગૌરવ શું છે? પદલાલિત્વ શું છે? કાંઈ ખબર નથી. કાલિદાસની શી મહાનતા છે તેની પણ કંઈ ખબર નથી અને યજ્ઞની શું એસ્થેટિક સેન્સ છે તેની સાથે કોને સંબંધ? ગાનારનો જો આની સાથે સંબંધ ન હોય તો સાંભળનારનો કેવી રીતે જોડી શકાશે? આંતરિક કાંઈ નથી, જે કંઈ છે તે મંત્રના માધ્યમથી છે. મનુષ્ય પણ આજે સિન્થેટિક થવા લાગ્યો છે અને સમાજમાં આવાં સિન્થેટિક તત્વોની સાથે જોડાતો જાય છે. તે આત્મીય સંયોજન નથી, તે તો કૃત્રિમ સંયોજન છે.

આ સૃષ્ટિથી જ આપણે આધારભૂત વિષયોની ચિંતા કરવી પડશે. સંસ્કૃતની પણ શુદ્ધતા, સાહજિકતા, સ્વાભાવિકતા, ગૌરવ બનાવી રાખવાં ખૂબ જ આવશ્યક છે અને તેનો ખૂબ જ મોટો ઉપયોગ છે. આજે ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં ભારતીય જ્ઞાન, ભારતીય સિદ્ધાંત અને આજે જે શીખવવામાં આવે છે તે સિદ્ધાંત – આ બંનેમાં કોઈને એકબીજાનો પરિચય થતો નથી, કારણ કે વિજ્ઞાન જાણનારને સંસ્કૃતનું જ્ઞાન નથી, તેથી સંસ્કૃતમાં શું લખવામાં આવ્યું છે તેની જાણકારી નથી. આ ખીણને પૂરવા માટે પણ સંસ્કૃતનો જીવંત સંબંધ હોવો ખૂબ જ આવશ્યક છે.

**તા. ૧ ઓકટોબર, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### શિક્ષક સન્માન ઉત્સવ ૨૦૨૩

તા. ૫/૯/૨૦૨૩ના શિક્ષક દિનના રોજ યુનિવર્સિટીના વુમન ડેવલોપમેન્ટ સેલ તથા લાયન્સ કલબ સુરત ક્રિસ્ટલના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કન્વેન્શનલ હોલ ખાતે શિક્ષક સન્માન ઉત્સવ–૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દિપપ્રાગટયથી કરવામાં આવી હતી. કાર્યક્રમની આમંત્રણ પત્રિકા સંસ્કૃત ભાષામાં બનાવી સૌ અધ્યાપકોને મોકલવામાં આવી હતી. આ કાર્યક્રમ મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન.ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.આર.સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ સુરત ક્રિસ્ટલના અધ્યક્ષ અને સર્વે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કુલપતિશ્રી દ્વારા જીવન ઘડતર કરતાં શિક્ષકોના મહત્વ વિશે વાત કરી હતી. તેમજ કુલસચિવશ્રીએ પ્રેરણાત્મક દષ્ટાંતો સાથે જીવનમાં શિક્ષકનાં મૂલ્ય વિશે વાત કરી. આ કાર્યક્રમમા નવજીવન હ્યુન્ડાઇ, સુરત પણ જોડાયું હતું. શિક્ષક સન્માન ઉત્સવ નિમિત્તે યુનિવર્સિટીના સર્વે અધ્યાપકશ્રીઓને શાલ અને સ્મૃતિભેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

















## "G20 and Honorable Prime Ministers Vision: Young India, Strong India: Seminar

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા G20 અંતર્ગત 'G20 and Honorable Prime Ministers Vision: Young India, Strong India' થીમ પર તા. ૨–૯–૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કોમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી પોલીસ કમિશનર સુરત શહેર અજય તોમર IPS, મુખ્ય વકતા તરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નીરજા ગુપ્તા તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના G20 નોડલ ઓફિસર ડૉ. પરેશ જોષી, સહ કો–ઓર્ડિનેટર ડૉ. ધવલ મહેતા તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, દરેકના વિભાગના G20ના કો–ઓર્ડિનેટરશ્રીઓ અધ્યાપકો, વહીવટી અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત ભારતીય સંસ્કૃતિને અનુસરી મંચ પર બિરાજમાન મહેમાનો દ્વારા દિપપ્રાગટય કરીને કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા G20 સેમિનાર સંબંધિત ઉદબોધન આપ્યું હતું.

ડૉ. નિરજા ગુપ્તાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે આજના G20 અંતર્ગત કાર્યક્રમની થીમ Young India સૌ પ્રથમ જેની સ્થાપના ૧૯૧૬માં લાલા લજપતરાય દ્વારા પત્ર કાઢી કરવામાં આવી હતી. ૧૯૧૯ થી ૧૯૩૧ સુધી ગાંધીજી Young India વિશે સતત લખતા હતા. ગાંધીજીએ Young Indiaમાં કોઈ ભેદભાવ ના હોય અને તેની સમરસતા વિશે વાત કરી તથા આઝાદી બાદ સ્વાધીનતા તો આવી પરંતુ સ્વતંત્રતા આજ સુધી નથી આવી. આપણા દેશમાં યુદ્ધની સ્થિતિ વધતાની સાથે સાથે ગરીબી પણ વધતી ગઈ જેનાં કારણે લોકો પાસે એક દિવસનું ભોજન ખરીદવાના પણ પૈસા ન હતા. પૂર્વ વડાપ્રધાન લાલ બહાદૂર શાસ્ત્રી દ્વારા એક દિવસ ઉપવાસ રાખવો એવી ઘોષણા કરાઈ તે સપનું પૂર્ણ કરતા કરતા તે પણ ન રહ્યા. અંગ્રેજ સરકાર લાલ ઘઉં જાનવરો માટે વાવતા જે ઘઉં ભારતની પ્રજા ભૂખી ના રહે તે માટે ભારતની પ્રજાને આપતા. તેમજ ભારતના લોકોને ભારતીય સંસ્કૃતિ અપનાવવામાં તથા માતૃભાષા બોલવામાં શરમ આવે છે. આપણા માટે કોઈ ધર્મગ્રંથ નથી આપણે જે છે તે જ્ઞાન ગ્રંથ છે. ૧૯૨૩ના સર્વે મુજબ ભારતમાં ૯૭ % લોકો શિક્ષિત છે. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી' કહેવતને યાદ કરતા ખેતી કે વ્યાપારનું મહત્વ જણાવ્યું હતું. અંતમાં સ્નાતક વિશે જણાવ્યું હતું કે સ્નાતક એટલે સ્નાન કરેલો. એક વખત સ્નાન કરે એટલે પાસ, બે વખત સ્નાન કરે એટલે ઓનર્સ અને જે ત્રણ વખત સ્નાન કરે એ માસ્ટર્સ આપણા તૈત્તરીય ઉપનિષદમાં આ આખી પરિભાષા, છે જે ભાષા તૈત્તરીય ઉપનિષદમાં છે. તે આપણી છે તેના ત્રણ પ્રકાર શિક્ષક, આચાર્ય અને ગુરુ. આજે આખો વિશ્વ આમાં જ ચાલે છે આસીસ્ટન્ટ પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર અને પ્રોફેસર આનાથી નવી શોધ કોઈએ હજું સુધી કરી નથી. તથા સૌથી નાની ઉંમરની કોઈ યુનિવર્સિટી હતી તો વલ્લભી યુનિવર્સિટી જે ૬૫૦ વર્ષ અને જે સૌથી લાંબી યુનિવર્સિટી હતી તે તક્ષશીલા હતી ૧૨૫૦ વર્ષ. આ જ ભારતીય સંસ્કૃતિના કારણે ભારતના લોકો જ્યાં પણ જાય છે. ત્યાં ભારતીયોને સન્માન મળે છે. તેઓના વકતવ્ય બાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી હતી અને તેમના દ્વારા ઉત્તર આપવામાં આવ્યા હતાં.

પોલીસ કમિશનર સુરત શહેર શ્રી અજય તોમર IPS, દ્વારા પોતાના વકતવ્યમાં ૧૯૯૯માં એશિયા ખંડમાં આર્થિક કટોકટી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ ઈતિહાસ કેમ વાંચવો જોઈએ? તે જણાવતાં કહ્યું કે, ઈતિહાસ દ્વારા અગાઉ કરેલા કાર્યો, સિદ્ધિઓ તેમજ રહેણી કહેણી વિશે માહિતી મળી શકે. ૧૯૪૭માં જ્યારે ભારત દેશ આઝાદ થયો ત્યારે ભારત દેશ ગરીબ થઈ ગયો હતો, કારણ કે અંગ્રેજો આપણા દેશમાંથી લેબર, ખનીજ તથા સંપત્તિ લઈ ગયા તેવું જણાવ્યું. G20ના પ્રતિનિધિત્વમાં આપણે એટલું વિચારવું જોઈએ કે આપણે બેકવર્ડ અને કમજોર નથી તથા સૌથી પહેલાં કપડાના બટનની શોધ ભારતે કરી હતી. અંતમાં જણાવ્યું કે આખો દિવસ મોબાઈલમાં સમય વિતાવવાથી કઈ ના થાય આજ કાલ વિદ્યાર્થીઓએ પુસ્તકો વાંચવાનું જ બંધ કરી દીધું છે. પરંતુ લેપટોપ અને મોબાઈલથી માહિતી તો મળી રહે છે પરંતુ પુરતી માહિતી મળી શકતી નથી. તેથી બુક વાંચવી જરૂરી છે. કેમ કે બુક વાંચીને છેલ્લા ૬૦૦ વર્ષોથી લોકોએ જ્ઞાન લીધું છે. કાર્યક્રમની આભારવિધિમાં G20 નોડલ ઓફિસર ડૉ. પરેશ જોષીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં G20 અંતર્ગત અત્યાર સુધી ૬૦ જેટલા કાર્યક્રમો કર્યા છે, તેમજ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો હતો અને અંતે રાષ્ટ્રીય ગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.



















## NSS પ્રિ. રિપબ્લિક ડે પરેડ કેમ્પ–૨૦૨૩માં યુનિવર્સિટીના વિદ્યાર્થીનીઓની પસંદગી




એન.એસ.એસ. યુનિટ ધરાવતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન જુદી જુદી કોલેજોમાંથી ૩૩ જેટલી સ્વયંસેવિકાઓએ તા. ૨૪/૮/૨૦૨૩ના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના પ્રિ.આર.ડી.પસંદગી કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિભાગ અને જુદી–જુદી કૉલેજોની ૦૭ સ્વયંસેવિકાઓની પસંદગી તા. ૦૧ થી ૧૦ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન વિજયવાડા, આંધ્રપ્રદેશ ખાતે આયોજિત થનાર NSS Pre-Republic Day Parade Camp-2023 માટે થઈ છે. આ વિદ્યાર્થીનીઓ ૧. પ્રણાલીબેન કથાલભાઈ ઝાટિયા–એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, ૨. લીના જયપ્રકાશભાઈ પટેલ–સર પી.ટી.સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સ, ૩. પૃથ્વી અશોકભાઈ સરવૈયા–જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, ૪. પ્રિયાંશી ચેતનભાઈ પટેલ–પ્રોફ. વી.બી.શાહ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, ૫. ઈશિતા એચ. ધોળકિયા–બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ૬. આરતી મનોજકુમાર ગોહિલ–શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ અને ૭. જાગૃતિ વસતભાઈ વારુ–શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માટે આ એક ખૂબ ગૌરવાન્વિત કરનારી ઘટના છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના OSD ડૉ. પ્રકાશચંદ્ર તથા યુનિવર્સિટી પરિવાર પસંદગી પામનાર સ્વયંસેવિકાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## 'અંગદાન સંકલ્પ' કાર્યક્રમ

અંગદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ અને નવજીવન સેવા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે 'અંગદાન સંકલ્પ' કાર્યક્રમનું આયોજન તા. ૧૧/૯/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. મંચ પર બિરાજમાન મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ ડૉ. પારુલબેન વડગામા, શ્રી કનુભાઈ ભરવાડ, ડૉ. કે.સી. પોરીયા,સેનેટ સભ્યશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકો, વહીવટી અધિકારીઓ અને વિદ્યાર્થીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન યુનિવર્સિટના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા દિલીપભાઈ દેશમુખ દાદાનો પરિચય સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. પારૂલબેન વડગામા તેમજ સુરત મેડિકલ કન્સલ્ટિંગના પ્રમુખ દ્વારા આપવામાં આવ્યો હતો. મુખ્ય વકતા દિલીપભાઈ દેશમુખ દાદા, પ્રણેતા અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ તેઓએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, દિગ્વિજય દિવસ ૧૧/૦૯નું બહુ મોટું મહત્વ છે. આજના દિવસે જ ભારતના એક યુવાન સ્વામી વિવેકાનંદ દ્વારા વિશ્વ પટ પર નામ ઊંચું કર્યું હતું. આ દિવસને ધ્યાનમાં રાંખી આજે અંગદાન અનુદાનના સંકલ્પ સાથે આપ સમક્ષ હું આવ્યો છું. નર્મદ યુનિવર્સિટીના ખેસમાં લખેલી કવિ નર્મદની એક પંકિત 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે.' વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં ઉતારવું જોઇએ. તેમજ અંગદાન એ સમાજનુ અભિયાન છે, એવું પણ જણાવ્યું હતુ કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ તેઓના વકતવ્યમાં જણાવ્યું છે કે આપણે મોટું સપનું જોવું જોઈએ ૨૦૨૨થી ૨૦૪૭ સુધીનો સમય એ અમૃતકાળ છે. જેને વિકસિત બનાવવાનો સંકલ્પ લીધો છે. ફકત અને ફકત વડાપ્રધાન નહીં પરંતુ દેશના તમામ નાગરિકોએ એકઠા મળીને સ્વપ્ન સાકાર કરવું પડશે. જ્યારે દેશ વિકસિત બનશે ત્યારે એવો પણ સમય આવશે કે વિદેશના વિદ્યાર્થીઓ આ જ યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે આવશે. યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ત્રણ થીમમાં ડિજિટલ પ્રિન્ટિંગ કરી છે. જેમાં અંગદાનને સિદ્ધ કરતા ચિત્રો છે તેમાં તમામ વિદ્યાર્થીઓ મુલાકાત લે તેવું જણાવ્યું હતું. મંચ પર બિરાજમાન મહેમાનોમાંથી જો કોઈ શહેરના આગેવાનો યુનિવર્સિટીના ૩૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓને અંગદાનના અભિયાનને ઉજાગર કરતી ટીશર્ટો વિદ્યાર્થીઓને આપી અને યુનિવર્સિટીમાં કાર્યક્રમનું આયોજન કરે તો આ અંગદાનના અભિયાનને વધુ વેગ મળશે. તેમજ પોતે જ્યારે ઓર્ગન ટ્રાન્સપોર્ટ કરાવવાનું હતું. ત્યારે અને હર્ષદભાઈ પટેલ દ્વારા પોતાનો ૨૨ વર્ષનો પુત્ર મૃત્યૃ પામ્યો હતો તેવા સમયે હાથમાં પેન પકડી અને અંગદાન કરનાર માતા પિતાના કારણે ચાર લોકોને નવું જીવન પ્રાપ્ત થયું છે તેના વિશે પણ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જયાબેન પટેલ અને હર્ષદભાઈ પટેલને મંચ પર બોલાવી તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. ૪૦ થી ૫૦% લોકો અંગદાન કરતા હોય છે તેવું જણાવ્યું હતું. તેઓના વકતવ્ય બાદ ફાઈનાન્સ કૉલેજના ૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા અનુદાનને લગતા પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં નંબર મેળવનાર ૧૬ વિદ્યાર્થીઓને મોમેન્ટો અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ જાગૃતિ માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રીય ગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.
















## બેસિક ઓફ મહેંદી એન્ટરપ્રિન્યોરશિપ સર્ટીફીકેટ કોર્સ

યુનિવર્સિટીના કન્ટીન્યુઇંગ એજ્યુકેશન એન્ડ એક્સટેન્શન વર્ક વિભાગ દ્વારા યુનિવર્સિટીમાં સૌપ્રથમ વખત બેસિક ઓફ મહેંદી એન્ટરપ્રિન્યોરશિપ સર્ટિફિકેટ કોર્સની શરૂઆત તા. ૦૯/૦૯/૨૦૨૩ના રોજ કરવામાં આવી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા (મેયર, સુરત શહેર), લિંબાયત મત વિસ્તારના ધારાસભ્ય અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પરેશભાઈ પટેલ (ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી SMC), મહેંદી કલ્ચરના સહસ્થાપક અને જાણીતા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નિમિષાબેન પારેખ, કો–ઓર્ડિનેટર મેહુલ પટેલ, સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરી મહેમાનોનુ સ્વાગત મહેંદીના બુકે દ્વારા કરવામાં આવ્યું હતું. મંચ પર બિરાજમાન મહેમાનો દ્વારા આ કોર્સનું લોકર્પણ કરી આ કોર્સ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આજના આ સ્પર્ધાત્મક યુગમાં યુવાનો આત્મનિર્ભર બની શકે અને આર્થિકરીતે પગભર થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે આ કોર્સની શરૂઆત કરવામાં આવી છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું.

શ્રીમતી સંગીતાબેન પાટીલ દ્વારા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, નિમીષાબેન દ્વારા ગર્ભવતી સ્ત્રીના શ્રીમંત વખતે માતાના ગર્ભમાં રહેલા બાળકને મહેંદીના સંસ્કાર મળે તે માટે એક નવતર વિષયની પહેલ કરી છે. તેમજ આ કોર્સના કારણે સુરત શહેરની દિકરીઓ આત્મનિર્ભર બને તેવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે, તેને બિરદાવ્યાં હતાં.

શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ વકતવ્યમાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં મહેંદી ક્ષેત્રે સૌપ્રથમ યુનિવર્સિટી સાથે મળીને આ કોર્સની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે આ કોર્સનો વધુમાં વધુ સુરત શહેરના બહેનો તથા ભાઈઓ આ કોર્સમાં જોડાઈ અને દરેક ઘરની એક દિકરી આ કોર્સનો લાભ લે અને સુરતમાં હર ઘર મહેંદીની સુવાસ ફેલાઈ તેવી શુભેચ્છા પાઠવી હતી.

મહેંદી કલ્ચરના સંસ્થાપક નિમિષા પારેખ આપણા દેશનાં આર્ટ અને કલ્ચરને મહેંદી દ્વારા રિપ્રેઝન્ટ કરે છે. તેમણે તમિલનાડુના પ્રાચીન કલ્ચર સિક્કુ કોલમ આર્ટને મહેંદીમાં બદલીને કરીને તેને વર્લ્ડવાઈડ ઇન્ટ્રોડયૂસ કર્યુ છે. મહેંદીમાં આ ઈનોવેશન તેમણે પાંચમાં મહેદી આર્ટિસ્ટની કોન્ફરન્સમાં ઉભરતા આર્ટિસ્ટ્સને શિખવ્યું હતું. તેઓ હંમેશાંથી ટ્રેન્ડમાં હોય તેવી મહેંદી મુકવાને બદલે કંઈક યુનિક કરવાનો પ્રયત્ન કરે છે અને હંમેશા પોતાના પાર્ટમાં મિની ટ્રેન્ડ ક્રિએટ કરે છે. તેઓ માત્ર સ્ટાઈલ કે સ્ટેટસ સિમ્બોલ માટે નહી પરંતુ કલ્ચરને રિપ્રેઝન્ટ કરવા માટે આ આર્ટને આગળ વધારવા માગે છે. યુનિવર્સિટી અને મહેંદી કલ્ચરના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવેલા બેસિક ઑફ મહેદી એન્ટરપ્રિન્યોરશિપ (૩) ક્રેડીટ કોર્સમાં ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ તથા કળામાં રસ ધરાવતા લોકો ભાગ લઈ શકશે. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રીય ગાન કરીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.

























## 'સંસ્કૃતિ અને વિકાસ' વિષય પર સેમિનાર

તા. ૧૨/૦૯/૨૦૨૩ના રોજ ભૌતિકશાસ્ત્ર વિભાગ, ગણિતશાસ્ત્ર વિભાગ અને આંકડાશાસ્ત્ર વિભાગનાં સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે G20 અંતર્ગત શેરપા ટ્રેકમાં 'સંસ્કૃતિ અને વિકાસ' વિષય પર સેમિનાર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં SRK ડાયમંડ કંપનીનાં ફાઉન્ડર અને ચેરમેનશ્રી ગોંવિદભાઈ ધોળકિયા, યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સેનેટ–સિન્ડીકેટના સભ્યશ્રીઓ, ભૌતિક વિભાગના વડાશ્રી ડૉ. કિશોરસિંહ પોરીયા, ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. દિલીપ જોષી, આંકડાશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. આરતી જે. રાજ્યગુરુ, અન્ય વિભાગીય વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત શંખનાદ અને શ્લોક સાથે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ સેમિનારનાં મુખ્ય વક્તાશ્રી તરીકે SRK ડાયમંડ કંપનીનાં ફાઉન્ડર અને ચેરમેનશ્રી ગોવિંદભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા દ્વારા પુસ્તક તથા સ્મૃતિ ભેટ આપીને કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવીએ પ્રસંગોપાત ઉદ્બોધન આપ્યું હતું. કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડાએ પ્રસંગ અનુરૂપ પ્રેરણાદાયી ઉદ્બોધન આપતા કહ્યું કે, તેઓ તેમના જીવનમાં શ્રી ગોવિંદભાઈ ધોળકિયાની વાતોનું અનુકરણ કરે છે અને વિશેષતઃ કહ્યું કે માનવ જીવનમાં વાણી, વર્તન અને વ્યવહાર એ સૌથી મહત્વના પાસાઓ છે અને તેમના જીવનની તમામ સફળતામાં શ્રી ગોવિંદ ધોળકિયાએ તેમના અનુભવો, સમયનું મહત્વ, વાંચનનું મહત્વ, પ્રેરણા અને આત્મવિશ્વાસ વિશે ખૂબ જ મહત્વનું પ્રવચન વિદ્યાર્થીઓને આપી તેમના

આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિમાં ઘણી ખૂબીઓ હોય છે અને તેને ઓળખવાની જરૂર છે. તેમણે ૧૬ વર્ષની ઉંમરમાં આખી ભગવદ્ ગીતા મોઢે કરી લીધી હતી. બીજું ઘણું બધું જીવંત દષ્ટાંતો દ્વારા સમજાવ્યું અને જીવનનું મુલ્ય શું છે? અને કેવા પરિવર્તનો કરવા જોઈએ? તે રસપ્રદ વાતો કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું. આભારવિધિ શ્રીમતી શીતલ પટેલ દ્વારા કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો. આ સેમિનારમાં કુલ ૨૫૬ વિદ્યાર્થીઓ અને કર્મચારી મિત્રો હાજર રહ્યા હતા.














## યુનિવર્સિટી કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સેમિનાર હોલ ખાતે રાજ્યકક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી–૨૦૨૩ અંતર્ગત ભાગ લેવા માટે યુનિવર્સિટી કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. યુનિવર્સિટી કક્ષાની નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, શીઘ્ર કાવ્ય, શ્લોક પઠન, વાદ્ય, સંગીત, એકપાત્રીય અભિનય, ગરબા અને રંગોળી જેવી કુલ આઠ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એન.એસ.એસ. યુનિટ ધરાવતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન જુદી જુદી કૉલેજોમાંથી ૨૨૦ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓ ભાગ લીધો હતો. ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના IQAC ડાયરેક્ટર અને કમ્પ્યૂટર સાયન્સ વિભાગના વડાશ્રી ડૉ. અપૂર્વભાઈ દેસાઈ,ઈ.ચા.નાયબ કુલસચિવશ્રી ડૉ. દીપેશ પટેલ અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મદનસિંહ દેસાઈ, ડૉ. ફરીદાબેન માંડવીવાલા, ડૉ. શોભના પ્રજાપતિ, ડૉ. રિટાબેન ત્રિવેદી, ડૉ. નયનાબેન નાયક, ડૉ. મયંક સોઢા, ડૉ. ભારતીબેન કાપડિયા, ડૉ. હેતલ

ગજ્જર, ડૉ. કૃતિ પટેલ, શ્રી કૃણાલ કંસારા, શ્રી રાહુલભાઈ કંથારિયા, ડૉ. ખુશ્બુ દેસાઈ અને ડૉ. મનિષ ગોન્ડલિયા હાજર રહ્યા હતા. વધુમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્રએ ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહન સંબોધન આપી તેમનાંમાં જોશ ભર્યો હતો. ત્યારબાદ યુનિવર્સિટી પરિસરમાં આવેલ જુદી જુદી જગ્યાએથી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવેલ હતી.

કાર્યક્રમના અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ ભાગ લીધેલ તમામ સ્વયંસેવકોને શુભેચ્છાઓ પાઠવી અને ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર અને જે તે સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા. વિજેતા થયેલ સ્વયંસેવકો આગામી તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદ ખાતે આયોજિત રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી–૨૦૨૩માં ભાગ લેશે.



















## રાજ્યકક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી ૨૦૨૩








તા. ૨૨ થી ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને રાજ્ય એન.એસ.એસ.સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાના રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જુદી જુદી ૮ સ્પર્ધાઓમાં એન.એસ.એસ. સંલગ્ન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કૉલેજના કુલ ૩૧ સ્વયંસેવકો/સેવિકાઓએ ભાગ લીધો હતો. જેમાંથી રંગોળી સ્પર્ધામાં સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલની વિદ્યાર્થીની કુ. ચૌધરી કિષ્નાએ સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ હતો. તેમણે આદિવાસી સંસ્કૃતિ અને સભ્યતાને પ્રદર્શિત કરીને સમગ્ર દક્ષિણ ગુજરાત અને આદિવાસી સમાજને ગૌરવ અપાવ્યું છે. તેમજ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે અભ્યાસ કરતા શ્રી દર્શન દધાણીયાએ એક પાત્રીય અભિનય સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી યુનિવર્સિટીનું નામ રોશન કરવા બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રકાશચંદ્રએ શુભેચ્છાઓ આપી હતી.

## યોગ પ્રશિક્ષણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને હિમાલય ધ્યાન યોગ શિબિર સંયુક્ત ઉપક્રમે 'યોગ પ્રશિક્ષણ' અંગેના કાર્યક્રમનું આયોજન તા. ૦૮/૦૯/૨૦૨૩ના રોજ શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીમાં કામ કરતાં કર્મચારીઓ માટે કરવામાં આવ્યું હતું. આ યોગ પ્રશિક્ષણ કાર્યક્રમમાં હિમાલય ધ્યાન યોગના સભ્યો દ્વારા યોગના કેટલા પ્રકાર છે અને યોગની મદદથી કામનો તણાવમાં રાહત કઈ રીતે લાવી શકાય? તેના વિશે સમજાવ્યું હતું. આ યોગ શિબિરમાં ૫૦ જેટલા કર્મચારી અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.








## એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) ના અમલીકરણમાં અગ્રેસર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી




એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)એ એક ડિજિટલ પ્લેટફોર્મ છે. જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્રેડિટના રેકોર્ડને ડીજિટલ ફોર્મમાં માત્ર જાળવી રાખે છે, એટલુંજ નહિ પણ વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને વધુ ફલેકિસબલ અને અનુકૂલનક્ષમ બનાવવામાં મદદ કરે છે. ABC દ્વારા, વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓમાં તેમનું શિક્ષણ પૂર્ણ કરી શકે છે અને વિવિધ જગ્યાએથી મેળવેલી ક્રેડિટ પોતાના ABC ખાતામાં જમા કરી શકે છે અને તે અન્ય શૈક્ષણિક સંસ્થામાં ટ્રાન્સફર પણ કરી શકે છે. ABC વિદ્યાર્થીઓને અભ્યાસ છોડયા પછી પણ તેમનું શિક્ષણ ફરી શરૂ કરવાની મંજૂરી મેળવવામાં પણ સરળતા પૂરી પાડે છે. ABC વિદ્યાર્થીઓને ડિજિટલ અનુલેખ પ્રદાન કરે છે. જેમાં તેઓએ મેળવેલી તમામ ક્રેડિટનો રેકોર્ડ હોય છે. આ વિદ્યાર્થીઓને સંભવિત નોકરીદાતાઓને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ દર્શાવવામાં અથવા વધુ શિક્ષણ માટે અરજી કરતી વખતે મદદ કરે છે.

ABC એ ભારત સરકારની પહેલ છે અને તે દેશની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં લાગું કરવામાં આવી રહી છે. ABC હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ તે વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી પ્લેટફોર્મ બનવાની ક્ષમતા ધરાવે છે.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના નેતૃત્વમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ABC પ્રત્યે જાગ્રત કરી ABC થી લાભાન્વિત કરવામાં ABCના પ્લેટફોર્મની સ્થાપના દિવસથી પ્રયત્નશીલ બની છે અને માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં સદાયે અગ્રેસર રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ તા. ૨૯ જુલાઈ, ૨૦૨૧ના રોજ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)નો શુભારંભ કરાવ્યો, ત્યારથી વિદ્યાર્થીઓના હેતુ માટે ઉભી થયેલી તકને ઝડપી લીધી છે. તા. ૨૯ જુલાઈ, ૨૦૨૧ના રોજ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)નો શુભારંભ થયો તેના બે જ દિવસ બાદ એટલે કે તા. ૩૧ જુલાઈ ૨૦૨૧ના રોજની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક ૧૭થી તેનો અમલ કરવા નિર્ધારિત કરવામાં આવ્યું. ત્યારબાદ તે સિન્ડિકેટમાં અને NEP માટે યોજાયેલી ખાસ સેનેટ સભામાં પણ રજૂ કરવામાં આવ્યું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) પર નોંધણીની બાબતમાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પર રહી છે અને રાષ્ટ્રીય સ્તરે સાતમા ક્રમે રહી છે. એ સિવાય વિદ્યાર્થીઓના ક્રેડિટ સહિતના ડેટા એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) પર અપલોડ કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહી છે.

## વેઈટલિફિટંગમાં સિદ્ધિ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અંબાબા કોમર્સ કૉલેજ, સાબરગામમાં બી.કોમ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુમારી દિશા હરેશભાઈ ચોટલિયાએ રમત ગમત ક્ષેત્રે ખૂબ નામના મેળવી છે. તેણીએ ૨૦૨૨માં ગુજરાત ખેલ મહાકુંભ કોડિનાર ખાતે ગુજરાતમાં વેઈટલિફિટંગમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ નવસારી ખાતે ખેલ મહાકુંભમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે તથા તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩માં ભારતમાં હરિયાણા ખાતે ખેલો ઇન્ડિયામાં વેઈટલિફિટંગમાં ભારતભરમાં દ્વિતીય ક્રમાંક હાંસલ કરેલ છે જે તેમની કૉલેજ અને સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે ગૌરવવંતી વાત છે. કુમારી દિશા સુરત વેઈટલિફિટંગ કલબમાં કોચ સારથી ભંડારી પાસેથી ૨ વર્ષથી તાલીમ મેળવે છે. તેણીએ ખેલો ઈન્ડિયા વુમન્સ લિંગમાં કર્ણ મલ્લેશ્વરી સ્પોર્ટસ સ્ટેડીયમ હરિયાણા ખાતે ૪૫ કિલો વેઈટ કેટેગરીમાં પ્રતિનિત્વ કર્યુ હતું. જેમાં યુથમાં સિલ્વર, જુનિયરમાં બ્રોન્ઝ અને સિનિયરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યુ છે. કુમારી દિશાની ઉમર માત્ર ૧૭ વર્ષની જ છે તેણીએ નાની વયે રમત ગમતમાં ખૂબ જ સિદ્ધિઓ હાંસલ કરી છે તે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અંબાબા કોમર્સ કૉલેજ તેમજ સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેણીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## Scope of Enterpreneurship & IPR in Life Sciences







યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતેસ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી, ઇન્સ્ટીટયૂશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને બાયોસાયન્સ વિભાગનાં સયુકત ઉપક્રમે તા. ૨૬/૯/૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં Scope of Enterpreneurship & IPR in Life Sciences વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાયોસાયન્સ વિભાગીય વડાશ્રી ડૉ. કૈલાશ પટેલ, અધ્યાપકશ્રીઓ, પીએચ.ડી. વિદ્વાનો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વર્કશોપનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલ આઈડિયાને ઈનોવેશન/પીઓસી અને સ્ટાર્ટઅપ પ્રોજેકટમાં તબદીલ કરવા માટે SSIP કેવી રીતે ગ્રાન્ટ આપી તેમને ઉપયોગી બને? તે વિશે માહિતગાર કરવાનો હતો.

પ્રોગ્રામનો પ્રથમ સેશન સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીના કો–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી વિશે માહિતગાર કરવામાં આવ્યા. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે આપણી યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી વિભાગ ચાલે છે. જે તમારામાં રહેલા આઈડિયાને અસ્તિત્વમાં મુકવા માટે ગ્રાન્ટ આપવામાં આવે છે. અને જો તમારી પાસે માર્ગદર્શન સહાયની જરૂરિયાત હોય તો તે પણ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત તમારી પાસે રહેલ આઈડિયાને પ્રોટોટાઈપ બનાવવા માટે SSIP વિભાગ તરફથી ૨.૫ લાખ અને પેટન્ટ ક્ષેત્રે તમારી પેટન્ટને અલગ અલગ ક્ષેત્રે કેટલી ગ્રાન્ટ SSIP આપી શકે છે? તે સમજાવ્યું. તેમણે વિદ્યાર્થીઓને ઈનોવેશન પર ભાર મુકતા નોકિયા, સેમસંગ, વિવો, આઈફોન આ ઉપરાંત Paytm, Gpay જેવી કંપનીઓ પોતાના QR Codeનો જ ઉપયોગ કરતાં હતાં, પરંતુ તેમાં શાશ્વત નાકરણી અને ભાવિક કોલાડિયાએ QR Codeમાં ઈનોવેશન લાવી દરેક કંપનીના QR Code સ્કેન કરી પેમેન્ટ કરી શકાય જેવા ઉદાહરણ આપી સમજાવ્યું, પ્રોગ્રામની બીજા સત્રમાં IPCalculus ઇન્ફર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડના નિયામક કીર્તિકુમાર પટેલે પ્રસ્તુતિનો પ્રવાહ બૌદ્ધિક સંપદા અધિકારો, IPRના પ્રકાર, ભારતમાં પેટન્ટિંગ, જીવન વિજ્ઞાનમાં આઈ.પી.આર વિશે માહિતી આપી, IPR બૌદ્ધિક સંપત્તિ શું છે?, બૌદ્ધિક સંપદા અધિકાર શું છે?, બૌદ્ધિક સંપદા કાનૂની ક્ષેત્રે પેટન્ટ, કૉપીરાઈટ, ટ્રેડ માર્ક, ઔદ્યોગિક ડિઝાઈન, માલસામાનનાં ભૌગોલિક સંકેતોની નોંધણીમાં કઈ કલમનો ઉપયોગ થાય છે? તે વિશે જણાવ્યું. ઉપરાંત વિદ્યાર્થીઓએ શા માટે નોંધણી કરાવવી જોઇએ? તેનાથી થતાં ફાયદાઓ અને નોંધણી ન કરાવવાથી થતાં ગેરફાયદાઓ વિશે સમજાવ્યું. તેમજ કયા કયા ક્ષેત્રે પેટન્ટ નોંધણી ન થઈ શકે તેના વિશે જણાવ્યું.

અંતમાં બાયોસાયન્સ વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પ્રવીણ દુધાગરાએ ઉપસ્થિત સ્પીકરોએ તેમનો અમૂલ્ય સમય ફાળવવા અને સહભાગીઓ સાથે તેમનું જ્ઞાન વહેંચવા બદલ આભાર માન્યો હતો. તેમજ કુલપતિશ્રી, કુલસચિવશ્રી વિભાગીય વડાશ્રી, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ તેમજ હાજર રહેલ તમામ સહભાગીઓનો આભાર માન્યો હતો.

## સાહિત્ય અને સમાજમાં સ્ત્રીઓ: વ્યાખ્યાન








સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા G20 અંતર્ગત બદલાતા સમયમાં સ્ત્રીઓના સમાજ જીવનને સમજવા માટે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને જાણીતા સાહિત્યકાર એવા ડૉ. શરીફાબેન વીજળીવાળાનું તા. ૨૯/૯/૨૦૨૩ના રોજ સાહિત્ય અને સમાજમાં સ્ત્રીઓ વિષય પર વ્યાખ્યાનનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ અને G20ના કો–ઓર્ડિનેટર ડૉ. મોસમ ત્રિવેદી, અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા. પ્રસ્તુત વ્યાખ્યાનમાં સ્ત્રી જીવનને સાહિત્યિક દષ્ટિએ સમાજજીવનમાં સ્ત્રીની સ્થિતિ સમજાવવામાં આવી. કાર્યક્રમના મુખ્ય વકતા એવા શરીફાબેને રસમયશૈલીમાં છેલ્લા ત્રણ હજાર વર્ષોથી લઈને નજીકના ઈતિહાસમાં સ્ત્રીઓના સમાજમાં જીવનમાં આવેલ બદલાવને સમજાવવાનો પ્રયાસ કર્યો. પ્લેટો, એરિસ્ટોટલથી શરૂ કરીને નર્મદ, ગાંધીયુગ અને વર્તમાન સમયમાં લખાયેલ વાર્તાઓ, નવલકથાઓ અને લોકસાહિત્યના માધ્યમથી તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ સમાજજીવનને પ્રતિબિંબિત કર્યું. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓએ સાહિત્ય અને સમાજ જીવનને જોડી આપતી પ્રશ્નોતરીના માધ્યમથી સહભાગી બન્યા.

## Department of Commerce

### શિક્ષક દિનની ઉજવણી

યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક બનવાની તક મેળવી હતી અને સુંદર રીતે અધ્યાપનકાર્ય કર્યું હતું. વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોને પ્રશંસાના પ્રતીક તરીકે ભેટ અને ફૂલો પણ અર્પણ કર્યા હતા, અને ત્યારબાદ આજના દિવસમાં બનેલા શિક્ષક તરીકેના પોતાના અભિપ્રાયો વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ.ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ અર્પણ કરી રાષ્ટ્રગાન અને જૂથ ફોટો બાદ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.










## રક્ષાબંધન દ્વારા સ્નેહબંધન કાર્યક્રમ

રાષ્ટ્રીય સેવા યોજના NSS અને G20 અંતર્ગત કોમર્સ વિભાગ ખાતે તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ NSS અને G20ના કો–ઓર્ડિનેટર પ્રો. મુકેશ રોહિત દ્વારા રક્ષાબંધન દ્વારા સ્નેહબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી પ્રકાશભાઈ કપુરીયા હાજર રહ્યા હતા. તેમણે ભારતની પુરાતન સંસ્કૃતિ, ભારતના મહાન વિદ્વાનો અને રક્ષાબંધનના મહત્વ વિશે જણાવ્યું હતું, સાથે જ ભગવાન શ્રી નારાયણના વાલ્મીકિ અવતારોના પ્રસંગોને પણ તાકયા હતા. જેથી વિદ્યાર્થીઓને ભારતની ભવ્ય અને સમૃદ્ધ વારસા વિશે જાણકારી મળી શકે. શ્રી પ્રકાશભાઈ કપુરીયાએ NSS શા માટે મહત્વનું છે તેની માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કોમર્સ વિભાગના શૈક્ષણિક, વહીવટી કર્મચારી તથા NSSના સ્વયંસેવકોના સહકારથી કાર્યક્રમ સફળ થવા બદલ કોમર્સ વિભાગ પરિવારે શ્રી પ્રકાશભાઈ કપુરીયાનો આભાર માન્યો હતો.








## રંગોળી સ્પર્ધાનું આયોજન

યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સહકારથી 'રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધા પાછળનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાને પ્રદર્શિત કરવાનો અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધાનો વિષય G-20, વસુધૈવ કુટુંબકમ્, પર્યાવરણ અને ચંદ્રયાન–૩ રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સૈલોર હેમાક્ષી, બીજા ક્રમે પોતે દર્શના અને ત્રીજા ક્રમે જૈન સમ્રીધી વિજેતા રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કોમર્સ વિભાગે ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.









## Department of Comparative Literature

### અનુવાદની વિભાવના વિષય પર સેમિનાર






તા. ૨૬/૯/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા અનુવાદની વિભાવના વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનુવાદક શ્રીમતી કાશ્યપી પરીક્ષિત જોશી મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરના માર્ગદર્શનમાં થયું હતું. કાર્યક્રમનો આરંભ ભારતીય પરંપરા મુજબ માં સરસ્વતીનું સ્મરણ કરી દીપપ્રાગટય દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા સેમિનારમાં ઉપસ્થિત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી કાશ્યપી જોશી, શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડૉ. ઠાકોર પોતાના સ્વાગત પ્રવચનમાં સેમિનારના હેતું વિશે જણાવતા કહ્યું હતું કે, અનુવાદ કયાં કયાં કઈ રીતે ઉપયોગી થાય છે? તે વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે આ સેમિનારનો હેતુ છે. ત્યારબાદ તેમણે કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતિ જોશી વિશે ટૂંકો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સેમિનારમાં ઉપસિથત મહેમાનોનું ખેસ અને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગતવિધિ બાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા સેમિનારના વિષયને અનુરૂપ વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે સેમિનારમાં ઉપસ્થિત પત્રકારત્વ અને તુલનાત્મક સહિત્યના વિષયના વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી જોશી વિશે વાત કરી હતી. તેમના દ્વારા અનુવાદિત સાહિત્યમાં કરવામાં આવેલ પ્રદાન વિશે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને શ્રીમતી જોશી જેવા લોકોને પોતાના અનુકરણીય બનાવવા જોઈએ તેમ જણાવ્યું હતું. વર્તમાનમાં માતૃભાષામાં ઉપલબ્ધ શિક્ષણની ઉપલબ્ધિ વિશે વાત કરી હતી. ભારત અને ગુજરાતના પ્રવાસન યોજના વિશે વાત કરી. તેમાં અનુવાદ બાબતે માર્ગદર્શકની ભૂમિકા વિશે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. સ્થાનિક પરિવેશને બચાવવા માટે પ્રવાસનનો ઉપયોગ કરવા, લોકો સમક્ષ મૂકવા અને અનુવાદનો તેમાં ઉપયોગ કઈ રીતે થાય તે વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી કાશ્યપીબેન જોશીએ સેમિનારના વિષયને અનુરૂપ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. તેમણે અનુવાદની કળા વિશે વાત કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં અનુવાદનું ક્ષેત્ર વિકસી રહ્યું છે. તેમાં કોરોનાના કારણે વર્ક ફ્રોમ હોમ કરવાનું થયું તેના લીધે હવે અનુવાદનું કામ ઘરે બેઠા પણ કરી શકાય છે. તેમણે પોતાને અનુવાદ સાથે જોડાવાનું કારણ જણાવતાં કહ્યું હતું કે, પત્રકારત્વના અભ્યાસક્રમમાં સંદર્ભ પુસ્તકો અંગ્રેજી અને હિન્દી ભાષામાં આવતા હતા, તે કારણે પોતે આ કામમાં જોડાયા હતા. અનુવાદ વિજ્ઞાન વિશે વાત કરતા જણાવ્યું હતું કે, અનુવાદનો આધાર સ્રોત ભાષા અને લક્ષ્ય ભાષા હોય છે. આ બંને પર પ્રભુત્વ હોવું જરૂરી છે. આની પકડ માટે અતિ વાંચન અને શબ્દભંડોળ હોવું જરૂરી છે અનુવાદના પ્રકારો શબ્દશઃ અનુવાદ, ભાવાનુવાદ અને સારાંશ અનુવાદ વિશે વાત કરી હતી. લોકો અનુવાદને તકનીકી માને છે પરંતુ હું તેને કળા માનું છું. તેમણે ટાગોરની બંગાળી ભાષામાં રચેલી ગીતાંજલિનાં અંગ્રેજી અનુવાદ વિશે વાત કરી હતી. અનુવાદકાર્ય વિશે જણાવેલું કે, અનુવાદ કરતી વખતે કેટલીકવાર મૂળ ભાષામાંથી સીધો અનુવાદ કરવાનો હોતો નથી, પરંતુ તે વાયા વાયા આવતો હોય છે આવા અનુવાદમાં કાં તો અનુવાદ શ્રેષ્ઠ થતો હોય છે કે કાં તો ખરાબ. આ કમીને દૂર કરવા માટે જો મૂળ પુસ્તકના અન્ય પરિચિત ભાષામાં અનુવાદો થયા હોય તો તે જોવા જાઈએ. તેમના મત અનુસાર અનુવાદ કરતી વખતે જો તમને એક કરતાં વધારે ભાષાનું જ્ઞાન હોય તો અનુવાદ સારો થઈ શકે છે.

તેમણે વિસ્તૃત સ્તર પર સાહિત્યિક અનુવાદ અને સાહિત્યેતર અનુવાદ એમ બે પ્રકાર દર્શાવ્યા હતા. તેમના મત અનુસાર વિષય મુજબ અનુવાદ જુદો પડતો હોય છે. તેમણે સૌપ્રથમ સાહિત્યેતર અનુવાદ વિશે વાત કરતા જણાવ્યું હતું કે આ પ્રકારનો અનુવાદ પત્રકારત્વ વગેરે વિષય અને ક્ષેત્રોમાં થતો હોય છે. તેમાં તેમણે ચોક્કસ વિષયના સમાચારોનો અનુવાદ કરતી વખતે જે તે વિષયના પારિભાષિક શબ્દો વગેરેના જ્ઞાન અને ઉપયોગ પર ભાર મૂકયો હતો. તેમણે દૈનિકોની પૂર્તિના લેખનના અનુવાદ કાર્યમાં સર્જનાત્મકતા પર ભાર મૂકયો હતો. તેમણે ખાસ વિષયોના અનુવાદ કાર્યમાં જે તે વિષયની વિશેષ ભાષા પર ધ્યાન આપવા જણાવ્યું હતું. અંતમાં તેમણે મૃદુલા સિંહા લેખિત અને તેમના દ્વારા અનુદિત પુસ્તક પરિતૃપ્ત લંકેશ્વરી વિશે મહત્વની ચર્ચાઓ કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યુ હતું.

કાર્યક્રમના અંતે વિભાગના અધ્યાપક શ્રી અનિલ ગામીત દ્વારા સેમિનારમાં ઉપસ્થિત તમામની આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## Department of Economics

### સ્વ. પ્રા. (ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રા.જી.એન.જોષીનું : આર્થિક વિકાસ અને આંતર વિભાગીય સાધનોની ફાળવણી' ઉપર વ્યાખ્યાન યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ તા. ૦૧–૦૯–૨૦૨૩નાં રોજ સ્વ.પ્રા.(ડૉ) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ.પ્રા.(ડૉ) એ.એસ.ચારણ વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા. તેઓ ૧૯૯૧–૨૦૦૫ સુધી અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ રહ્યા હતા, તે ઉપરાંત ૧૯૭૩નાં વર્ષમાં યુ.કે.અને રોમ જેવા દેશોમાંથી IDS અને FAO જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ સંશોધન સંસ્થામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેવા ડૉ. એસ.એ.ચારણની યાદમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પ્રથમ વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે ડૉ.જી.એન.જોશીને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડૉ. જી.એન.જોશી અર્થશાસ્ત્ર વિભાગમાં પૂર્વ અધ્યાપક તરીકે કાર્યરત હતા. વ્યાખ્યાનમાળાનું સંચાલન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાળાની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટયા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. મનિષ આર. પટેલ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને ડૉ.જી.એન. જોશીનું શાબ્દિક આવકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ડૉ. જી.એન.જોશીનું કવિ નર્મદ પ્રતિકૃતિ, પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. તથા ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કુલપતિશ્રીના ડૉ. કિશોરસિંહ ચાવડાનું પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત વ્યાખ્યાનમાળા વિષે રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવી અને કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા તથા યુનિવર્સિટીનો અને ડૉ. જી.એન. જોશીનો પ્રસ્તુત વ્યાખ્યનમાળામાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમને આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રસ્તુત અવસરે વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં સ્વ.પ્રા.(ડૉ) એ.એસ. ચારણ વિષેની યાદોને વાગોળી હતી તથા અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓનાં હિતમાં કાર્યક્રમ કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. એ.એસ.ચારણ અને ડૉ. જી. એન. જોશીનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડૉ.જી.એન.જોશી દ્વારા પોતાના વકતવ્યની શરૂઆત કરવામાં આવી, પ્રસ્તુત વ્યાખ્યાનનો વિષય 'આર્થિક વિકાસ અને આંતર વિભાગીય સાધનોની ફાળવણી કેટલાક મુદ્દા' વિષેનો હતો. ડૉ.જી.એન.જોશી દ્વારા શરૂઆતમાં તેમના સ્વ.પ્રો. એ.એસ.ચારણ સાથેના કાર્યકાળની પળોને યાદ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત વિષયનાં અનુસંધાનમાં વકતવ્યની શરૂઆત સૌ પ્રથમ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો. તેમાં કૃષિ અને બિનકૃષિ ક્ષેત્રમાં, સાધનોની ફાળવણી, દ્વૈતવાદ, કૃષિ અને બિનકૃષિ ક્ષેત્રે વ્યાપારની શરતો ઉપરાંત કૃષિક્ષેત્રે કરવેરા હોવા જોઈએ કે નહિ? જેવા અગત્યનાં મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત માનવવિકાસનો આર્થિક વિકાસમાં શું ફાળો છે? તેની પણ સમજણ પૂરી પાડી હતી. ખૂબજ સરળ રીતે વ્યવહારું ઉદાહરણો દ્વારા પ્રા.જી.એન. જોશીએ અર્થશાસ્ત્રનાં ઘણા કોયડાઓ વિદ્યાર્થીઓ સમક્ષ મૂકયા હતા, જે તર્ક–વિતર્ક તેમને પોતાનાં વ્યાખ્યનમાં રજૂ કર્યા. જેના થકી ઘણા વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધનમાં તેનો ઉપયોગ કરીને ઉત્તમ સંશોધન કાર્ય કરી શકે તેમ છે. વ્યાખ્યાનનાં અંતેવીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, પ્રસ્તુત વ્યાખ્યાનમાં વિભાગનાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.























## ગૌરવ

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મોન્સુન મેઘમલ્હાર પર્વનુ તા. ૨ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. મેઘમલ્હાર પર્વનું આયોજન સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરીટી અને ગુજરાત ટુરીઝમનાં સંયુકત પ્રયાસે આયોજિત કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દરમ્યાન, વિવિધ કલાત્મક રમતગમત, સાંસ્કૃતિક પ્રદર્શનો અને અનેક કાર્યક્રમો યોજાયા છે. જેમાં રમતગમતમાં જે રનિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે ૩ કિલોમીટરનું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, સમગ્ર યુનિવર્સિટી પરિવાર અને અર્થશાસ્ત્ર વિભાગ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.




## One Day Workshop On Referance Management Tool Zotero

તા. ૯/૯/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચવડાના સહકારથી અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં સંયુકત પ્રયાસ દ્વારા "One Day Workshop on Referance Management Tool Zotero" એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપ સંદર્ભસૂચી તૈયાર કરવા માટેનાં એક વિકલ્પ ઝોટરો (ZOTERO) સોફટવેર વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે ડૉ. ભાવેશ વાનપરીયા ઉપસ્થિત રહ્યા હતા. જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનવ સંસાધન વિકાસ વિભાગમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે. વર્કશોપની શરૂઆત ડૉ. યોગેશ વાંસિયા દ્વારા મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરિયા તથા વિદ્યાર્થીમિત્રો અને પ્રાધ્યાપકગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. ભાવેશ વાનપરિયાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને પ્રસ્તુત વર્કશોપ વિષયનાં સંદર્ભમાં

પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. ડૉ. ભાવેશ વાનપરિયાનું અભિવાદન ડૉ. શૈલેશ પટેલે, શ્રી નીરજભાઈ ચૌધરી અને પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા પુસ્તક, ખેસ અને કવિ નર્મદની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરિયાએ પ્રસ્તુત સોફ્ટવેર ZOTEROના સંદર્ભમાં જાણકારી આપી ત્યારબાદ ZOTERO સોફ્ટવેર ઇન્સ્ટોલ કેવી રીતે કરી શકાય, તેનો ઉપયોગ કઈ રીતે કરવો કયાં કરવો, ZOTEROમાં સંદર્ભ કઈ રીતે ઉમેરવા, જો કોઈ લેખની નકલ એકથી વધુ હોઈ તો તેને કઈ રીતે દૂર કરવી વગેરે પ્રેક્ટિકલ કરાવીને શીખવવામાં આવ્યું હતું. ડૉ. ભાવેશ વાનપરીયા દ્વારા વિવિધ સંદર્ભ વ્યવસ્થાપન શૈલી AAA, APA, NLM, ACS, AMA, IEEE, OSCOLA, VANCOUNVER, MLA વગેરે વિશે ચર્ચા કરી હતી. ZOTEROનો ઉપયોગ સંશોધન કાર્યમાં કઈ રીતે સરળતાથી કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી હતી. પ્રસ્તુત વર્કશોપમાં ZOTERO વિષે દરેક બાબત ઝીણવટપૂર્વક અને સરળતાથી પ્રેકટિકલી શીખવવામાં આવ્યું હતું. પ્રસ્તુત વર્કશોપનો લાભ કુલ ૬૦ જેટલા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અભ્યાસ કરતા B.L.I.Sc, M.L.I.Sc., તેમજ અર્થશાસ્ત્ર વિભાગના Ph.D. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ લીધો હતો.














## સ્વ. પ્રા. (ડૉ) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાન યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ તા. ૧૫/૦૯/૨૦૨૩નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે સ્વ. પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત બીજું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત વ્યાખ્યાનનો વિષય "પેઢીના ધ્યેયો અને આર્થિક સિદ્ધાંતો–બોમેલ, યારો, વિલિયમ્સનાં મોડેલ" વિષેનો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. અનિલ ટંડેલ હાજર રહ્યા હતા. ડૉ. અનિલ ટંડેલ વાડિયા વુમન્સ કૉલેજમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે. વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. અનિલ ટંડેલનાં શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ડૉ. અનિલ ટંડેલનું વીર કવિ નર્મદ પ્રતિકૃતિ, પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ડૉ. અનિલ ટંડેલનો વિસ્તૃત પરિચય તથા પ્રસ્તૃત વ્યાખ્યાનમાળા વિષે રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવી. ત્યારબાદ ડૉ. અનિલ ટંડેલ દ્વારા 'પેઢીના ધ્યેયો અને આર્થિક સિદ્ધાંતો–બોમેલ, યારો, વિલિયમ્સનાં મોડેલ' વિષે વિદ્યાર્થીઓ સમક્ષ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પેઢીનાં ધ્યેયો, વેચાણ આવક મહત્તમીકરણ અને નિયોજકનો મહત્તમ તૃષ્ટિગુણ વગેરે બાબતો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રસ્તૃત વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા ૮૬ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.










## ડૉ.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ.પી.કે.ભટ્ટનું ઓદ્યોગિક અર્થશાસ્ત્ર વિષય પર વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં ડૉ. બી.વી.મહેતા વ્યાખ્યાનમાળાનો આરંભ તા. ૨૩/૮/૨૦૨૩નાં રોજ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તા. ૨૧/૦૯/૨૦૨૩નાં રોજ ચોથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'ઓદ્યોગિક અર્થશાસ્ત્ર' હતો, અને મુખ્ય વકતા તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગનાં ભૂતપૂર્વ અધ્યક્ષ અને અધ્યાપક ડૉ. પી.કે.ભટ્ટ હાજર રહ્યા હતા. પ્રસ્તુત વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. પી.કે.ભટ્ટ તથા પ્રસ્તુત વ્યાખ્યાનમાં હાજર તમામનો શાબ્દિક આવકાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ડૉ. પી.કે.ભટ્ટનું અભિવાદન પુસ્તક, ખેસ અને કવિ વીર નર્મદની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું, કાર્યક્રમને આગળ વધારતા ડૉ. ગૌરાંગ ડી.રામી દ્વારા ડૉ. પી.કે.ભટ્ટનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો જેમાં તેમની વિદ્યાર્થીઓને શીખવાડવાની સરળ રીત, સ્વભાવ અને કયાં વિષયમાં પારંગતતા ધરાવે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી, ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત વ્યાખ્યાન વિષે પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. પી.કે.ભટ્ટ દ્વારા પોતાનું વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું જેમાં વ્યાખ્યાનની શરૂઆત કરતા પહેલા તેમના પોતાનાં ડૉ. બી.વી.મહેતા સાથેના એક વિદ્યાર્થી તરીકેનાં અનુભવો અને યાદોને વાગોળી હતી. ત્યારબાદ વ્યાખ્યાનની શરૂઆત કરી જેમાં ઓદ્યોગિક અર્થશાસ્ત્રની શરૂઆતથી તેનો આધુનિક વિકાસ સુધીની યાત્રાને ખૂબ ટૂંકમાં સરળ રીતે સમજાવી હતી. વધુમાં તેમણે અર્થતંત્ર પ્રાથમિક (કૃષિ) દ્વિતીય (ઉદ્યોગ) અને તૃતીય (સેવાકીય) બાબત વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ એકમલક્ષી અર્થશાસ્ત્ર અને ઓદ્યોગિક અર્થશાસ્ત્ર વચ્ચેનાં આંતરસંબંધ ચર્ચા કરી માળખું, સંચાલન અને તેની કામગીરી વિષે ઉદાહરણ સહિત સમજ પૂરી પાડી હતી. વ્યાખ્યાનનાં અંતે ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, જેમાં ડૉ. પી.કે.ભટ્ટ અને વિદ્યાર્થીઓનો વ્યાખ્યાનમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો થઈ લગભગ ૧૫૦ જેટલા લોકોએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

## સ્વ.પ્રા.(ડૉ) એચ.એસ.ચારણ ટીચર્સ એકસચેન્જ કાર્યક્રમ હેઠળ ડૉ. ધારાબેન વઘાડીયાએ "મૂડીવાદથી નવઉદારવાદ તરફની એક યાત્રા" પર વ્યાખ્યાન આપ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના સહકારથી તેમજ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામીનાં માર્ગદર્શનથી સ્વ. પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ ટીચર્સ એકસચેન્જ કાર્યક્રમ હેઠળ "મૂડીવાદથી નવઉદારવાદ તરફની એક યાત્રા" વિષય પર વ્યખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે કાર્યરત ડૉ. ધારાબેન વઘાડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પ્રસ્તુત વ્યાખ્યાનનાં મુખ્ય વકતા ડૉ. ધારાબેન વઘાડીયા તથા વિદ્યાર્થીમિત્રોનું શાબ્દિક આવકાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ધારાબેન વઘાડિયા વિષે વિસ્તૃત પરિચય અને વ્યાખ્યાન અંગેની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. ધારા વઘાડિયાનું સ્વાગત ડૉ. મનિષ પટેલ દ્વારા ખેસ, વીર કવિ નર્મદની પ્રતિકૃતિ અને પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન

કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્યવકતા ડૉ. ધારાબેન વઘાડિયા દ્વારા પોતાનું વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું, જેમાં મૂડી એટલે શું?, મૂડીવાદનાં પ્રકાર, મૂડીવાદથી નવઉદારવાદ સુધીની વિશ્વની યાત્રા વિશે તેમણે વિસ્તારથી ચર્ચા કરી હતી, ઉપરાંત તેમણે તેમના વકતવ્યમાં આંતરાષ્ટ્રીય વ્યાપાર, વિશ્વનાં જુદા જુદા દેશોમાં આંતરરાષ્ટ્રીય કંપનીનો હિસ્સો વગેરે બાબતોને સાથે જોડીને મૂડીનાં કેન્દ્રીકરણ અને મૂડીવાદની સારી અને નરસી અસરો વિષેની વાત ઉદાહરણ સહિત સમજાવી હતી. ભારત પર વૈશ્વિકીકરણની અસરો વિષેની ચર્ચાને આવરી લીધી હતી. પ્રસ્તુત વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા ૧૧૬ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.











## Department of Computer Science

### ઓરિએન્ટેશન કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગ દ્વારા તા. ૧/૯/૨૦૨૩ના રોજ એમ.સી.એ. પ્રોગ્રામના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની વિશેષ ઉપસ્થિતમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી તથા વિભાગના વડાશ્રી ડૉ. અપૂર્વ દેસાઈએ વિદ્યાર્થીઓને વિભાગ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માહિતી આપી હતી, તે ઉપરાંત કમ્પ્યૂટર સાયન્સમાં કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આશરે ૧૨૦ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ તથા વિભાગના અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા.








## Department of English

### Indian Literary Traditions : Texts and Contexts વિષય ઉપર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ દ્વારા તા. ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'Indian Literary Traditions: Texts and Contexts' વિષય ઉપર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. દેશભરનાં વિદ્વાનો અને શિક્ષકવિદોએ પોતાની ઉત્સાહપૂર્વક ભાગીદારી થકી આ પરિસંવાદને અપાર સફળતા અપાવી. ઉદ્ઘાટન સત્રમાં, અંગ્રેજી વિભાગના વડા ડૉ. મહેશકુમાર ડેએ મહેમાનશ્રીઓ અને સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઠવીએ આ વિચારપ્રેરક કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધીને પરિસંવાદની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સેમિનારમાં ડૉ. અશોક થોરાટ, ડૉ. કાલિદાસ મિશ્રા, ડૉ. માધુરિતા ચૌધરી, ડૉ. સુશીલ કુમાર શર્મા, ડૉ. આર.બી.ઝાલા અને ડૉ. અર્નપૂર્વારિથ સહિતના પ્રતિભાશાળી શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. તેમની નિપુણતા અને આંતરદૃષ્ટિએ પરિસંવાદની ચર્ચાઓને સમૃદ્ધ બનાવી. દિલ્હી, ઓડિશા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ, ગુજરાત, મધ્યપ્રદેશ અને અન્ય વિવિધ રાજ્યોમાંથી આવેલા સહભાગીઓની હાજરી થકી આ પરિસંવાદે ખરેખર ભારતીય સાહિત્યિક પરંપરાઓની સમૃદ્ધિ વિવિધતાને આબાદ ઝીલી છે. બે દિવસ દરમિયાન, કુલ ૭૦ શોધપત્રો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં Indian Writing in English, bhasa Literatures in English Translation, Dalit Writing, Transgender Writing, Women's Writing English Studies in India and ભીત સહિતના વિવિધ પેટા વિષયોને સંબંધિત કરવામાં આવ્યા હતા, આભારવિધિનું અંતિમ સત્ર કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની હાજરીમાં યોજાયું. તેમણે તમામ સહભાગીઓ તથા આમંત્રિત વકતાઓનાં જ્ઞાનસંવર્ધન માટેનાં સમર્પણ અને ઉત્સાહને બિરદાવ્યાં તેમજ અંગ્રેજી વિભાગ અને પરિસંવાદનાં આયોજકોને આ પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે અભિનંદન પાઠવ્યાં હતાં. આ પરિસંવાદે ભારતીય સાહિત્યિક પરંપરાઓના સંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોના ઊંડાણપૂર્વક અભ્યાસને પ્રોત્સાહન આપતું એક બૌદ્ધિક મંચ પૂરું પાડયું, સહભાગીઓ બૌદ્ધિક ચર્ચાઓ થકી પોતાના જ્ઞાનનું વર્ધન કર્યુ તેમજ વ્યાપક શૈક્ષણિક સમુદાયમાં પણ યોગદાન આપ્યું. અંગ્રેજી વિભાગ આ પરિસંવાદને અપાર સફળતા અપાવવા માટે સહભાગીઓ, આમંત્રિત વકતાઓ તથા ઉપસ્થિત સૌનો આભાર માને છે. ભારતીય સાહિત્યિક પરંપરાઓના સમૃદ્ધ અને વિશાળ ફલકની ઉજવણી કરવાના અને તે વિશે સંશોધન કરવાના અમારા પ્રયાસોને ભવિષ્યમાં પણ અવિરતપણે ચાલુ રાખવા માટે અમે તત્પર છીએ.









## Department of Journalism & Mass Communication

### પ્રોફેસર ઓફ પ્રેકિટસ અંતર્ગત ટીવી પેનલિસ્ટ શ્રી દેવાંગ આચાર્યનો એક્સપર્ટ લેકચર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં તા. ૮ અને ૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ વિદ્યાર્થીઓ માટે પ્રોફેસર ઓફ પ્રેકિટસ કાર્યક્રમ અંતર્ગત વિશેષ વ્યાખ્યનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષજ્ઞ તરીકે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ, થોટ લીડર, લેખક અને ટીવી પેનલિસ્ટ શ્રી દેવાંગ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારતીય જ્ઞાન પરંપરા વિષય અંતર્ગત સ્વની પરિભાષા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ એક્સપર્ટ લેકચરમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આર્શીવચન આપ્યા હતા, તેમજ પુષ્પગુચ્છ અને પુસ્તક અર્પણ કરી નિષ્ણાંત શ્રી દેવાંગ આચાર્યનુ સ્વાગત કર્યું હતું.

પત્રકારત્વ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ભરત ઠાકોર દ્વારા શ્રી દેવાંગ આચાર્યનુ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ એક્સપર્ટ લેક્ચરમાં જર્નાલિઝમ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કિરણ મિત્તલ, ટિચિંગ આસિસ્ટન્ટ ડૉ. મનોજ પટેલ, નિલય પૌરાણિક તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બિન્ની પટેલ દ્વારા કરાયું હતું અને આભારવિધિ ડૉ. કિરણ મિત્તલ દ્વારા કરવામાં આવી હતી. એક્સપર્ટ લેક્ચર અંગે શ્રી દેવાંગ આચાર્યએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા અને સ્વાધીનતાના પરિપ્રેક્ષ્યમાં સ્વને સમજવું જરૂરી છે. સ્વ એ વ્યકિતનું એવું કેન્દ્ર છે, જેની આસપાસ વ્યકિતનો વિકાસ થાય છે. એ અંગે ઊંડાણપૂર્વક સમજણ કેળવવી જરૂરી છે. ભૂતકાળમાં પશ્ચિમી દુનિયા દ્વારા ભારત પર સાંસ્કૃતિક આક્રમણ કરાયું હતું. જેના દ્વારા તેમણે ભારતની શિક્ષણ વ્યવસ્થાને બદલી હતી. અને અંગ્રેજી ભાષા દ્વારા પોતાની પશ્ચિમી સંસ્કૃતિને પોતાના હિતમાં ફેલાવી હતી. જેનાથી ભારત દેશની સંસ્કૃતિ અને સામાજિક વિચારધારા સંપૂર્ણ રીતે પશ્ચિમી દેશોથી પ્રભાવિત થઈ હતી. વર્તમાનમાં નવી શિક્ષણ નીતિ અંતર્ગત ભારતીય જ્ઞાન પરંપરા વિષય દ્વારા ભારતની પ્રાચીન સંસ્કૃતિનો પુનઃપ્રચાર કરીને ભારતને પુનઃજાગૃત કરવાનો પ્રયાસ શરૂ કરાયો છે.











## Department of Library & Information Science

### શિક્ષક દિવસની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા અર્થશાસ્ત્ર વિભાગનાં સેમિનાર હોલમાં તા.૫/૯/૨૦૨૩નાં રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાથીઓએ શિક્ષકોને સન્માનિત કરવા માટે અને આભાર વ્યકત કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. આ કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં દરેક પ્રાધ્યાપકોનું પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં સ્નાતક અને અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક/અધ્યાપિકાઓ ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. પારૂલબેન પટેલ, ડૉ. જીતેશ ટોપીવાલા, ડૉ. કિષ્ના શાસ્ત્રી, શ્રી જયદીપ વ્યાસ અને શ્રીમતી પ્રજ્ઞાબેન ધાધલ હાજર રહ્યાં હતાં. દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ સમસ્ત ગુરુજનોને સંબોધિત વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ આ અવસર પર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે ડૉ. શૈલેષ પટેલ, ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. પારૂલબેન પટેલ, ડૉ. જીતેશ ટોપીવાલા અને શ્રી જગદીપ વ્યાસ દ્વારા પ્રેરણાદાયી વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસની ઉજવણીને યાદગાર બનાવવા કેક કાપવામાં આવી હતી અને ગ્રુપ ફોટા પણ પડાવ્યા હતાં.









## વર્કશોપ

તા. ૧/૯/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સહકારથી તેમજ ડૉ. યોગેશ એન. વાંસિયાનાં માર્ગદર્શન અંતર્ગત 'DSpace: An Open Source Repository Software' પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વર્કશોપમાં રિસોર્સ પર્સન તરીકે અમરોલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગ્રંથપાલ શ્રી નિલેશ ગણેશેનો વિસ્તૃત પરિચય આપ્યા બાદ અર્થશાસ્ત્ર વિભાગના ગ્રંથપાલશ્રી પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા તેમનું કવિ નર્મદનાં સ્મૃતિચિહ્ન આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. તદ્દપરાંત M.L.I.Sc.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દ્વારા તેમનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી નીલેશ ગણેશે દ્વારા DSpace વિષે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી તથા તેનુ ઇન્સ્ટોલેશન અને પ્રેકિટસ માટે Online Demo Version દ્વારા સમજ આપવામાં આવી હતી. કાર્યશાળાને અંતે M.L.I.Sc.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કેવિન સોલંકી દ્વારા આભારવિધિ કરી કાર્યશાળાની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પ્રસ્તુત વર્કશોપમાં ૪૫ જેટલા વિદ્યાર્થી અને અધ્યાપક દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.











## Department of Physics

### પાંચ દિવસીય નેનોસ્કેલ મટીરીયલ્સ ડીવાઈસીસ મોડેલીગ ઓફ સીમ્યુલેશન વિષય પર હેન્ડ્ઝ ઓન ટ્રેઈનીગ સેશન્સ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેનાં ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પાંચ દિવસીય 'Hand on Training session on Nanoscale Materials Devices Modeling and simulation's - NMDMS 2023' ટ્રેનીંગ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગ અને SVNITના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા અને આર્શીવચન આપ્યા હતા. ડૉ. કે.સી.પોરિયા અને ડૉ.ડી.આર.રોય (એસ.વી.એન.આઈ.ટી) અધ્યક્ષોએ પોતાની સંસ્થામાં ચાલતી સંશોધન પ્રવૃત્તિ અને વિભાગનો પરિચય આપ્યો હતો. આ પાંચ દિવસીય કાર્યક્રમમાં મટીરીયલ્સ સાયન્સના અતિ આધુનિક વિષયો જેવા કે, ૧ડી, ૨ડી મટીરીયલ્સ ગ્રાફેન, મોલેકયુલર ઈલેકટ્રોનીકસ, નેનો ઈલેકટ્રોલનીકસ ડીવાઈસ તેમજ સ્પીનટ્રોનીક ડીવાઈસની રચના અને વ્યવસ્થા માટે મટીરીયલ્સ મોડેલ ડીઝાઇનીંગ તથા સીમ્યુલેશન અંગેનાં અતિ આધુનિક સોફટવેર 'નેનો ડી કેલ'નો ઉપયોગ કરી વાસ્તવિક ટ્રેઈનીગ આપવામાં આવી હતી. આ સોફટવેર કેનેડાની ખ્યાતનામ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું છે અને ઇમ્પલ્સ ટેકનોલોજી નવી દિલ્હી દ્વારા SVNIT સંશોધન પ્રવૃત્તિનાં વિકાસ માટે લાવવામાં આવેલ છે. બંને સંસ્થાના ભૌતિકશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. માટે સંશોધનકર્તા વિદ્યાર્થીઓને આ ટ્રેઈનીગ ખૂબ જ ઉપયોગી થઈ હતી. આ કાર્યક્રમના કો–ઓર્ડિનેટર ડૉ. પી.બી.ઠાકોર, ડૉ. યોગેશ સોનવાને અને ડૉ. ડી.વી. શાહ પણ ઉપસ્થિત હતા.















## Department of Public Administraton

### બમરોલી તરસરી પ્લાન્ટની વિઝીટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ના ભાગરૂપે બમરોલી તરસરી પ્લાન્ટની વિઝીટ કરવામાં આવી હતી. Executive Engineer શ્રી કેતન દેસાઈ દ્વારા વેસ્ટ વોટર અલ્ટ્રા ફિલ્ટરેશન અને રિવર ઓસ્મોસેસ દ્વારા રિસાઈકલ કરીને ઇન્ડસ્ટ્રીયલ યુનિટને આપવામાં આવે છે અને રહી ગયેલા કચરામાંથી ઓર્ગેનિક મનુર બનાવવામાં આવે છે અને વીજળીનું પણ ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ સુરત મહાનગર પાલિકા માટે અત્યંત લાભદાયી છે જેમ કે એક બાજુ પાણીની બચત થાય છે અને બીજું તરફ આ એક આવકનો સ્રોત છે એવું જણાવવામાં આવ્યું હતું. આ ફિલ્ડ ટ્રીપ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વિભાગીય વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, પબ્લિક એડમિનિસ્ટ્રેસન વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. મધુ થવાની, G20 કો–ઓર્ડિનેટર મમતા ભક્કડ, ઓમકારનાથ પાંડે અને વહીવટી વિભાગ સર્વના સહયોગથી પૂર્ણ થયું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ૨૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન સફળતા પૂર્વક પૂર્ણ થયેલ આ કાર્યક્રમ માટે આપ સહુનો આભાર માને છે.










## Department of Statistics

### A Quiz on G20



VNSGU VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

G20 भारत 2023 INDIA

A Quiz on G20

Organized by

Department of Statistics

Veer Narmad South Gujarat University, Surat.

(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: JRQRKS-CE000306 Date: 18-9-2023

Certificate of Participation

This is to certify that *Mr./ Ms. Ayush kumar* from **Patna science College Ashok Rajpath Rd, Patna University Campus, Patna, Bihar 800005** has actively participated in **A Quiz on G20** conducted online by the **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 18th September, 2023 as a part of G20 activity.

Dr. Shital S. Patel, Organizing Secretary — Dr. Arti. J. Rajyaguru, Convener — Dr. R. C. Gadhvi, Registrar



VNSGU VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

G20 भारत 2023 INDIA

A Quiz on G20

Organized by

Department of Statistics

Veer Narmad South Gujarat University, Surat.

(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: JRQRKS-CE000358 Date: 18-9-2023

Certificate of Participation

This is to certify that *Mr./ Ms. Priyankaben Arvindbhai Patel* from **Vanraj Arts & Commerce College, Dharampur** has actively participated in **A Quiz on G20** conducted online by the **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 18th September, 2023 as a part of G20 activity.

Dr. Shital S. Patel, Organizing Secretary — Dr. Arti. J. Rajyaguru, Convener — Dr. R. C. Gadhvi, Registrar



VNSGU VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

G20 भारत 2023 INDIA

Department of Statistics

Veer Narmad South Gujarat University, Surat

( Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

is organizing

A Quiz on G20

Greetings!

We're excited to announce that the Department of Statistics at Veer Narmad South Gujarat University, Surat, is hosting **A Quiz on G20** for UG and PG students for enhancing their knowledge and to prepare them for active participation in global issues, potentially shaping future leaders and contributors to international exchange.

**Here are the key details:**
**No Registration fees**: It's free to participate.
**E-certificate**: If you score 50% or higher in the Quiz, you'll receive an e-certificate via email.
**Event Date:** 18th September, 2023
**Quiz Link:** https://forms.gle/AhFnmZm2SP8XAsXR6

Dr. Shital S. Patel, G20 Coordinator — Dr. Arti. J. Rajyaguru, Prof. & Head — Dr. R. C. Gadhvi, Registrar — Dr. K. N. Chavda, Hon'ble Vice Chancellor

More about the Department of Statistics:
https://www.vnsgu.ac.in/departments/statistics/index.html
https://www.facebook.com/profile.php?id=100006747195824
https://www.instagram.com/statisticsdepartment.vnsgu/
tps://www.vnsgu.ac.in/departments/statistics/testimonials.html
We Request you to give wide publicity to this event.

Department of Statistics organized an online quiz on "A Quiz on G20" on 18th September, 2023 for UG and PG students for enhancing their knowledge and to prepare them for active participation in global issues, potentially shaping future leaders and contributors to international exchange. There was a very good response from all over India attempting the quiz from different streams like arts, science, commerce, computer science, management and other subjects as well as student participation was there from different cities and towns of Gujarat state and other states there were a great response. Overall 909 participants from UG, PG and other courses students have participated in the online quiz. At UG, PG and other level out of 909 participants, 772 students scored more than 50% marks and received e-certificates. At the UG level out of 629,

523 students, from PG level out of 239, 217 students and form other level out of 41, 31 students scored more than 50% and received e-certificate. This event is organized under G20 activity. Department is very thankful to university authority for giving a permission to organize this quiz.

The department would like to express its gratitude to Dr. K. N. Chavda, the honorable vice chancellor, for providing inspiration and support in organizing this quiz. We are also very thankful to our registrar Dr. R. C. Gadhvi for granting permission to organize quiz. Additionally, the department extends its thanks to all the colleges and university teachers who circulated the quiz poster among their students. Finally, the department expresses its appreciation to the entire technical committee for efficiently managing all the technical aspects, like issuing online certificates, which played a vital role in the success of the event. The department extends its heartfelt thanks to students who participate in quiz and make event successful.





## સંસ્કૃતિ અને વિકાસ પર સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સાયન્સ બિલ્ડિંગના વિદ્યાર્થીઓ માટે 'સંસ્કૃતિ અને વિકાસ' G20 અંતર્ગત શેરપા ટ્રેકમાં સેમિનારનું તા. ૧૨/૦૯/૨૦૨૩ના રોજ ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગનાં સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનાં મુખ્ય વકતા SRK ડાયમંડ કંપનીના સ્થાપક શ્રી ગોવિંદભાઈ ધોળકિયાનું સ્વાગત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા દ્વારા સ્મૃતિ ભેટ આપીને કરવામાં આવ્યું. શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ તેમનો અનુભવ, સમયનું મહત્વ, વાચનનું મહત્વ, પ્રેરણા અને આત્મવિશ્વાસ વિશે મહત્વનું પ્રવચન વિદ્યાર્થીઓને આપી તેમનાં આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ભૌતિકશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. કિશોરસિંહ પોરીયા, ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. દિલીપ જોષી તથા આંકડાશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ.આરતી જે. રાજયગુરુ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં કુલ ૨૫૬ વિદ્યાર્થીઓ અને કર્મચારી મિત્રો હાજર રહ્યા હતાં.









## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આટ્‌ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### પુનઃ સર્જન આંતર કૉલેજ "બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ" સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આટ્‌ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૨/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પુનઃ સર્જન આંતર કૉલેજ "બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સુરત વોર્ડ નંબર–૧ના કોર્પોરેટર શ્રી રાજેન્દ્રભાઈ પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ સુતરિયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા.ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૩ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સાર્વજનિક કૉલેજ ઓફ કોમર્સનો વિદ્યાર્થી શ્રી ધવલ યામ્કૂ, દ્વિતીય ક્રમે શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ, પાંડેસરાની વિદ્યાર્થીની કુ. રિધ્ધી બાબરિયા તેમજ ત્રીજા ક્રમે એમ.ટી.બી.કૉલેજનો વિદ્યાર્થી શ્રી ઓમ સિંઘ અને શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ, પાંડેસરાની વિદ્યાર્થીની કુ.પ્રાચી દેગડમવાલા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીગીષાબેન દેસાઈ અને શ્રી કેતનભાઈ પટેલ હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. સુરભી કાછિયા દ્વારા તેમજ આભારવિધિ પ્રા. કનુભાઈ સુતરિયાએ કરી હતી.

### ઈનામ વિતરણ સમારોહ



તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. ઝેડ.શાહ આટ્‌ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ., એન.સી.સી. અને સંસ્કૃતિક પ્રવૃત્તિના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલગુરુશ્રી પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, સામાજિક કલ્યાણ, મનોરંજન અને સાંસ્કૃતિક સમિતિ, SMCના અધ્યક્ષ શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, સભ્યશ્રી કોર્પોરેટર લતાબેન રાણા, તેમજ અતિથિ વિશેષ તરીકે મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પરમાર, આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા તથા ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમારોહની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. પ્રા. હેમાબેન દવેએ ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો પરિચય આપ્યો હતો. તેમજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા આવકાર સ્વાગત પ્રવચન આપ્યું હતું. ઉપસ્થિત સૌ મહેમાનોશ્રીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ સમારોહનું સંચાલન એન.એસ.એસ.ના કુલ ૨૦ સ્વયંસેવકો/સેવિકાઓ, એન.સી.સી.ની કુલ ૬૦ કેડેટ્સ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કુલ ૧૦૬ વિદ્યાર્થીઓને શિલ્ડ અને ઇનામો એનાયત થયા હતા.

સમગ્ર સમારોહનું સંચાલન અને શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ ટ્રોફી–શિલ્ડ વિતરણનું સંચાલન સિનીયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા તેમજ ઉદ્‌ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ. ઝંખનાબેન પરમાર અને ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કું. નેન્સી બોરડ દ્વારા બજાવવામાં આવી હતી. આભારવિધિ પ્રા. કનુભાઈ સુતરીયાએ કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા.ડૉ. સોનલબેન જરીવાલા, પ્રા. છાયાબેન નાયક, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. નરેન્દ્રભાઈ બારીય, પ્રા.ડૉ.કૃતિબેન પટેલ તેમજ પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરીએ કરી હતી. સમારોહને અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.

## મહાત્મા ગાંધી આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૫/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ 'મહાત્મા ગાંધી આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સુરત વોર્ડ નંબર–૧ના કોર્પોરેટરશ્રી ગીતાબેન સોલંકી અને પ્રા. સોનલબેન કુલકર્ણી હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.સોનલબેન દેસાઈએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. મનીષભાઈ ટેલરે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે પ્રા. કિષ્ના દેવાણીએ સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૩૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કું.રાવલ સ્નેહા તથા કું. ગોપી સાવલિયા અને ખોલવડ કૉલેજની વિદ્યાર્થીની કુ. એનાલી હિમાસિયા તથા કુ. વૈશાલી પગી, ત્રીજા ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થીશ્રી કાનો ભાદરકા તથા કુ. અમી ભાદરકા, વિજેતા જાહેર થયા હતા. તેમજ એમ.ટી.બી. કૉલેજની વિદ્યાર્થીની કુ. ઈશા ભુવા તથા કુ. જીયા બારૈયા પ્રેક્ષકોમાંથી ઈનામને પાત્ર વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડૉ. સેજલબેન દેસાઈએ સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ કરી હતી.

## શિક્ષક દિનની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૫/૯/૨૦૨૩ના રોજ ભારતરત્ન ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'શિક્ષકદિન' ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાધ્યાપકની ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓને સરાહનીય જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું.



## જન્માષ્ટમીની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૬/૯/૨૦૨૩ના રોજ 'જન્માષ્ટમી'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારી સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસરો તથા NCCના સ્વયંસેવકો /સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.



## શ્રી આર.એમ. દેસાઈ પુરસ્કૃત ગની દહીવાલા આંતર કૉલેજ કાવ્યપઠન સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૮/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'શ્રી આર.એમ. દેસાઈ પુરસ્કૃત ગની દહીવાલા આંતર કૉલેજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઓનલાઈન

જોડાઈને સ્પર્ધકોને અશીર્વચન આપ્યા હતા, તેમજ સુરત વોર્ડ નંબર–૧ના કોર્પોરેટરશ્રી ભાવિષાબેન પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું.સુહાના પટેલે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.ઋજુતાબેન ગાંધીએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે ટી.વાય.બી.એ.ની. વિદ્યાર્થીની કુ. નમ્રતા ગઢાદરાએ સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજના ૧૯ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કુ. શિખા પાંડે, દ્વિતીય ક્રમે ઝેડ.એફ.વાડિયા વુમન્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. કુશાંગી દવેકર તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. નિશા સોલંકી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થીની કું. નંદીની સોલંકી વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કવિશ્રી મહેશભાઈ દાવરકર અને કવિશ્રી સુનીલભાઈ શાહ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થીનીઓ કું. કાજલ ધોળકિયા અને કું. જાનવી રાજપૂત દ્વારા તેમજ આભારવિધિ પ્રા.ઇબ્રાહીમભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વાસ્થ્ય વર્ધક' આંતર કૉલેજ સલાડ સુશોભન સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા.૧૧/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વાસ્થ્ય વર્ધક' આંતર કૉલેજ સલાડ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિ પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઓનલાઈન જોડાઈને સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ જાણીતાં નાટ્યકાર–દિગ્દર્શક, કૉલેજનાં નિવૃત્ત પ્રાધ્યાપિકા પ્રા.સોનલબેન કુલકર્ણીએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું. સુહાના પટેલે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.હેમાબેન દવેએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું. નમ્રતા ગઢાદરાએ સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજના ૧૧ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથક ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. ભૂમિ ધંધુકિયા, દ્વિતીય ક્રમે સિદ્ધાર્થ લો કૉલેજની વિદ્યાર્થીની કુ. હર્ષા રાવલ તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. કીર્તિ પરમાર વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી મેઘનાબેન વ્યાસ અને શ્રીમતી જીગીશાબેન દેસાઈ હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓ કુ. કાજલ ધોળકિયા અને કું. જાનવી રાજપૂત દ્વારા તેમજ આભારવિધિ પ્રા. સ્વર્ણિમા જૈન દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વામી વિવેકાનંદ' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૧૨/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વામી વિવેકાનંદ' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઓનલાઈન જોડાઈને સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ એલાયન્સ કલબના પ્રમુખશ્રી અશોકભાઈ ગઢવી, નિવૃત્ત પ્રા.ડૉ. કિરીટભાઈ શાહ અને સુરત ડિસ્ટ્રીકટ બેંકના નિવૃત્ત મેનેજર મયુરભાઈ વ્યાસે હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. સેજલબેન દેસાઈએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા મહેમાનો તથા પ્રા. મનિષભાઈ ટેલર દ્વારા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે પ્રા. ભ્રાતીબેન ગોહેલે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજોના ૨૨ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કું. સ્નેહા રાવલ અને કું. ગોપી સાવલિયા, દ્વિતીય ક્રમે ખોલવડ કૉલેજની વિદ્યાર્થીની કુ. એનાલી હિમાસિયા અને કું. વૈશાલી પગી તેમજ તૃતીય ક્રમે શ્રી સર્વોદય શિક્ષણ મંડળ બી.એડ.કૉલેજનો વિદ્યાર્થી કૃણાલ પાટીલ અને હિતેશ પાટીલ વિજેતા જાહેર થયા હતા. તેમજ અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી શ્રી શુભમ કુશવાહા પ્રેક્ષકોમાંથી ઈનામને પાત્ર વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## Mental-Health Suicide Prevention દ્વિદિવસીય કાર્યક્રમ




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમ્યાન ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ "Mental-Health Suicide Prevention" દ્વિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨–૯–૨૦૨૩ના રોજ મુખ્ય વકતા તરીકે પેરન્ટીગ ફોર પીશ ટીમના ડૉ. સુષ્મા દેસાઈ, ડૉ. આરતી મહેતા, ડૉ. નિસર્ગ શાહ, ધર્મિષ્ઠાબેન તહિલરામાણી, કુસુમબેન દેસાઈ,પ્રહર્ષાબેન મહેતા અને તા. ૧૩/૯/૨૦૨૩ના રોજ મુખ્ય વકતા તરીકે આંતરરાષ્ટ્રીય એલાયન્સ કલબના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ ચાહવાલા, નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. કિરીટભાઈ શાહ, સામાજિક કાર્યકર કમલેશભાઈ શાહ હાજર રહી વિદ્યાર્થીઓમાં વધી રહેલા આત્મહત્યાના બનાવો માટેના કારણો જણાવી તેને અટકાવવા માટેના પગલાંઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી. ચિંતન, મનન અને મનોવૈજ્ઞાનિક રીતે વિદ્યાર્થીઓ મા–બાપ તથા પ્રાધ્યાપકો સાથે આ સમસ્યાના નિરાકરણ માટેના પ્રયત્નો તેમજ માતા–પિતાની વધારે પડતી અપેક્ષાઓ અને તે સિદ્ધ કરવા વિદ્યાર્થીઓ પર થતું દબાણ જેવા અનેક પ્રશ્નો પર ચર્ચા થકી વિદ્યાર્થીઓમાં વધી રહેલ આત્માહત્યા અટકાવવાના પ્રયત્નો પર માર્ગદર્શન પૂરું પાડયું હતું.

કાર્યક્રમની શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. વિરલબેન રાઠોડ અને કું. કીર્તિ પરમારે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનશ્રીઓ અને વકતાશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. સોનલબેન કાકલોતર અને આભારવિધિ પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી તેમજ પ્રા. સ્વર્ણિમાબેન જૈન, પ્રા.શ્વેતાબેન ગોલકિયા NSS સ્વયંસેવકો/સેવિકાઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## 'મહર્ષિ ભારદ્વાજ' આતંર કૉલેજ ભગવદ્ ગીતા સમીક્ષા સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૧૩/૯/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ 'મહર્ષિ ભારદ્વાજ'' આતંર કૉલેજ ભગવદ્ગીતા સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે ફેમીલી ફીઝીશ્યન એસોસિએશનના પ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ પ્રજાપતિ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કું. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.નરેન્દ્રભાઈ બારૈયા દ્વારા મહેમાનો તથા પ્રા.ઈબ્રાહીમભાઈ પટેલ દ્વારા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. બરખાબેન દેસાઈ દ્વારા સ્પર્ધાના નિયમો વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની શ્રી દીક્ષિતા જોતાણિયા, દ્વિતીય ક્રમે શ્રી. એમ.કે. મહેતા કૉલેજ ઓફ એજ્યુકેશનની વિદ્યાર્થીની કું. તૃપ્તી અરેકર અને તૃતીય ક્રમે શ્રી. જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કું. કૃતિ દુધાત વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દિપકભાઈ પુરોહિત અને શ્રી મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કું. નેન્સી બોરડ દ્વારા અને આભારવિધિ પ્રા. ડૉ. કૃતિબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## આંતર કૉલેજ બોક્સિંગ ટુર્નામેન્ટમાં સિદ્ધિ




તા. ૨૬–૦૯–૨૦૨૩ને મંગળવારનાં રોજ આંતર કૉલેજ બોક્સિંગ ટુર્નામેન્ટનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની સ્પોર્ટ્સ કલબની એમ.કોમ.સેમ–૧ વિદ્યાર્થીની કુ. પુજાદેવી મિશ્રા (વજનઃ ૫૪–૨૮ કિ.ગ્રા)એ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યુ હતું. વિજેતાઓને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### થીમ આધારિત ચિત્ર સ્પર્ધા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા










જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૪/૯/૨૦૨૩ના રોજ થીમ આધારિત ચિત્ર સ્પર્ધા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સર ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં બીબીએ અને બીસીએના ૬૦થી વધું વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાંશ્રી રાકેશભાઈ ટેલરે નિર્ણાયક તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં બીબીએ ના વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ક્રમાંક દેસાઈ ધ્રુવ (FYBBA), દ્વિતીય ક્રમાંક પારેખ ઈશા (FYBBA) અને આશ્વાસન ઈનામ ટાંક રોશની (FYBBA) વિજેતા રહ્યાં હતાં. જ્યારે બીસીએના વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ક્રમાંક દૂધાત પ્રિયાંશી (SYBCA), દ્વિતીય ક્રમે વસ્ત્રાપરા મહેક (SYBCA), તૃતિય ક્રમે સાવલિયા હીર (SYBCA) અને રાવલ પ્રિયાંશુ (SYBCA) અને આશ્વાસન ઇનામ ગોહિલ ગૌતમ (TYBCA) વિજેતા રહ્યાં હતાં. સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ.મુકેશ આર. ગોયાણી, બીસીએના કો–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા અને બીબીએના કો–ઓર્ડિનેટર ડૉ.સ્વાતિ મહેતાના માર્ગદર્શન હેઠળ ડૉ.સુધા ધારા સામલ, ડૉ.રાગિની પ્રસાદ, પ્રા. કૃપાલી પટેલ અને પ્રા. નેન્સી મોદીએ સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

### શિક્ષક દિનની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન

એન્ડ સાયન્સ અમરોલીમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા શિક્ષક દિન નિમિત્તે ઉજવણીનું આયોજન તા. ૫–૯–૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બીબીએ, બીકોમ, બીસીએ અને બીસીએ વિન્ટરના ૭૩ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ની ભૂમિકા ભજવી હતી. શિક્ષક દિન નિમિત્તે વિષય શિક્ષક તેમજ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓએ પરસ્પર એકબીજાને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓએ તેમના એક દિવસીય શિક્ષક તરીકે ના અનુભવ અભિવ્યક્ત કર્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ કાર્યક્રમમાં હાજર રહી ઉત્સાહનો સંચાર કર્યો હતો. શ્રી અશ્વિનભાઈ પટેલે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું નામ કેવી રીતે પાડયું તેની સમજ આપી હતી. શૈક્ષણિક અને વહીવટી કર્મચારી જોડાઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, પ્રા. રાકેશ જસાણી, પ્રા. ભાવેશ પચ્ચીગર, પ્રા. ડૉ. હિરલ પટેલ, પ્રા. ડૉ. વિરલ પોલીશવાલાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કાર્યક્રમ સંચાલન કર્યું હતું.















## જન્માષ્ટમી ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા.૬/૯/૨૦૨૩ના રોજ જન્માષ્ટમી ઉત્સવની ઉજવણીના ભાગરૂપે મટકી ડેકોરેશન સ્પર્ધાનું તેમજ દહીં–હાંડીનું આયોજન કરવામાં આવ્યું હતું. મટકી ડેકોરેશન સ્પર્ધાની શરૂઆત બી.કોમ.ની વિદ્યાર્થીની માહી સંજયભાઈ દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી અને બી.કોમ.ના કો–ઓર્ડિનેટર શ્રી ધરિત નાયક તેમજ બીસીએના કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાલાએ અચૂક હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મટકી ડેકોરેશન સ્પર્ધામાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. આયુષી સુરતવાલાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. વિજેતા તરીકે પ્રથમ ક્રમે ક્રિષ્ના મયૂરભાઈ બાવડિયા (બી.સી.એ), બીજા ક્રમે નેન્સી લલીતભાઈ સોરઠિયા (બી.સી.એ. વિન્ટર), ત્રીજા ક્રમે નંદની રાજેશભાઈ પદમાણી (બી.કોમ.) રહ્યાં હતાં. જ્યારે આશ્વાસન ઇનામ રાજ

પ્રકાશભાઈ ખત્રરાણી (બી.કોમ. ડેટા સાયન્સ)ને આપવામાં આવ્યું હતું. વિજેતાને જીવન જ્યોત ટ્રસ્ટનાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હસ્તે ઇનામ અને સર્ટિફીકેટ આપવામાં આવ્યા હતા. દંહી–હાંડી કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રાધાકૃષ્ણ, ગોપગોવાળોની ભૂમિકામાં વેશભૂષામાં સજ્જ અને પરંપરાગત પૂજાઅર્ચના બાદ પારણું ઝુલાવી, પિરામીડ બનાવી મટકી ફોડી નંદ ઘેર આનંદ ભયોના જયઘોષથી કૉલેજ કેમ્પસનું વાતાવરણ ખૂબજ સુંદર અને ઉલ્લાસમય બનિયું હતું. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીએ વિદ્યાર્થીઓના આનંદને વધાવી જન્માષ્ટમીની શુભકામના પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શક હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. છાયા પટેલ, જાસ્મીની ગોહિલ, પ્રિયંકા વાસડિયા અને દમયંતી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.













## પત્રલેખન પ્રવૃત્તિ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ગ્રંથાલય સમિતિ દ્વારા તા. ૧લી સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ પત્ર લેખન દિવસ' નિમિતે પત્રલેખન પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. જેમાં બી.બી.એ., બી.સી.એ., બી.કોમ.ના આશરે ૩૦૦થી વધું વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીએ મોબાઈલ યુગમાં પત્રલેખન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રવૃતિનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય સમિતિનાં સભ્યો ડૉ. સોનલ ભારતી, શ્રી સંદીપ પટેલ, પ્રા. ભાવેશ પચ્ચિગર, પ્રા. જશ્મીની ગોહિલ, ડૉ. તન્વી ભાલાળા, પ્રા. રશ્મિ નાયક, પ્રા.માનસી શાહ, પ્રા. વૈભવી ચૌહાણ, પ્રા. પ્રિયંકા પટેલ, પ્રા. વિશાખા બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કેમ્પસ વિઝિટ અને અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં હાજરી





જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર ઑપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના એફ.વાય બી.બી.એ. ના ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ દર્શનનો કાર્યક્રમ તા. ૧૧/૯/૨૦૨૩ના રોજ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટો દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમ, યુનિવર્સિટીનું વહીવટી તંત્ર અને પરિક્ષા તંત્ર કઈ રીતે કામ કરે છે તેની માહિતી માટે રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીના સ્પોર્ટ કોમ્પ્લેકસમાં સ્વિમિંગ પૂલ, બોકિસંગ રિંગ, બેડમિન્ટન કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ અને એથ્લેટિક ટ્રેક, યુનિવર્સિટીની લાઈબ્રેરી, વિવિધ અભ્યાસક્રમના ડિપાર્ટમેન્ટ, પરિક્ષા ભવન અને વહીવટી ભવનની મુલાકાત લેવામાં આવી હતી. યુનિવર્સિટીના કેમ્પસ દર્શનનો કાર્યક્રમ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા આયોજિત અંગદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત 'અંગદાન સંકલ્પ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વકતા દિલીપભાઈ દેશમુખ (દાદા) દ્વારા કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ. નિલેશ પટેલ, પ્રા. રાકેશ પટેલ અને પ્રા.રશ્મિ નાયક દ્વારા સફળતાપુર્વક પુર્ણ કરવામાં આવ્યું હતું.

## 'ભારતીય જ્ઞાન પરંપરા' અંતર્ગત સેમિનાર





જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ

(ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૨/૦૯/૨૦૨૩ના રોજ 'ભારતીય જ્ઞાન પરંપરા' અંતર્ગત કૉલેજના કર્મચારી સભ્યો તેમજ કૉલેજના પ્રથમ વર્ષ બી.સી.એ.નાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમારંભના મુખ્ય વકતા શ્રી બાલાજી રાજે (કો–ઓર્ડિનેટર, સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) હાજર રહ્યા હતા. તેમણે પવર્તમાન સંજોગોમાં વિદ્યાર્થીના અભ્યાસની સાથે સાથે ભારતનાં વિશાળ ઈતિહાસની માહિતી પણ મેળવે એ માટે 'ભારતીય જ્ઞાન પરંપરા' કોર્ષનુ મહત્વ તર્કસંગત સમજાવ્યું હતું. સેમીનારમાં કુલ ૨૦૦થી વધારે પ્રથમ વર્ષના બી.સી.એ.નાં વિદ્યાર્થીઓ તેમજ કૉલેજનાં કર્મચારી સભ્યો હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે કાર્યક્રમની સફળતા અંગે શુભેચ્છાઓ પાઠવી હતી. સંચાલન અને આભારવિધિ પ્રા. વિરલ પોલીશવાલાએ કરી હતી. અંતે રાષ્ટ્રગાનથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## 'મિલિયોનેર માઇન્ડ સેટ' વિષય પર વ્યાખ્યાન





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૫/૯/૨૦૨૩ના રોજ 'કેમ્પસ ટુ કોર્પોરેટ ટ્રેનિંગ' અંતર્ગત 'મિલિયોનેર માઈન્ડ સેટ' વિષય પર ટી.વાય.બી.બી.એ.નાં વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખયાનના મુખ્ય વકતાશ્રી કમલેશ ઠક્કર (બિઝનેશ કન્સલટન્ટ અને નેશનલ ટ્રેનર) હાજર રહી વિદ્યાર્થીઓને હકારાત્મક માનસિકતા અંગે પોતાના વિચારો રજૂ કરી, કેવી રીતે ભવિષ્યમાં સફળ બનવું? તે અંગેનાં મંત્રો આપ્યાં હતા. વ્યાખ્યાનમાં ત્રીજા વર્ષ બી.બી.એ.નાં ૨૨૮ જેટલા વિદ્યાર્થીઓ તેમજ કૉલેજનાં કર્મચારી સભ્યો હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે કાર્યક્રમની સફળતા અંગે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી , બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતાનાં માર્ગદર્શન હેઠળ સંચાલન અને આભારવિધી પ્રા. સોયેબ મેમણ, પ્રા. શેહઝાદ બોડીલા તથા પ્રા. જય રાજગોરે કરી હતી.

## આરતી–થાળી ડેકોરેશન અને Eco Friendiy ગણપતિ બનાવવાની સ્પર્ધા






જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ. વિન્ટરસેશન, અમરોલી, દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત તા. ૧૮/૦૯/૨૦૨૩ના રોજ ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે આરતી થાળી ડેકોરેશન અને Eco Friendly ગણપતિ બનાવવાની સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં કૉલેજ પ્રાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાનું ધામ–ધૂમથી આગમન કરાવાયું હતું. ત્યારબાદ આરતી–થાળી ડેકોરેશન સ્પર્ધા અને Eco Friendly ગણપતિ બનાવવાની સ્પર્ધાની શરૂઆત બી.કોમ.ની વિદ્યાર્થીની માહી સંજયભાઈ દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સ્પર્ધામાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની પ્રતિભા રજૂ કરી હતી, સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. ધ્રુવ ગાંગડવાલાએ સેવા આપી હતી. આરતી થાળી ડેકોરેશન સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે આસ્થા શૈલેષભાઈ ઠાકર (બી.કોમ.), બીજા ક્રમે મમતા

ઈશ્વરભાઈ દવે (બીસીએ–વિન્ટર), ત્રીજા ક્રમે પૂજા નરોત્તમભાઈ કીદેયા (બીસીએ–વિન્ટર) રહ્યા હતા. જ્યારે Eco Friendly ગણપતિ બનાવવાની સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે ગુપ્તા નેન્સી પવનભાઈ (બી.કોમ.), બીજા ક્રમે રુચિત સુરેશભાઈ દેવગનિયા (બીસીએ–વિન્ટર), ત્રીજા ક્રમે ગોસ્વામી નિકુંજ ચંદુગીરી (બીકોમ) રહ્યાં હતાં. વિજેતાઓને આચાર્ય હસ્તક પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સંમાનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો પ્રા.ડૉ.છાયા પટેલ, પ્રા. જાસ્મીની ગોહિલ, પ્રા.પ્રિયંકા વાસડિયા અને પ્રા. દમયંતી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## ઈન્ટર કૉલેજ પાવર લિફટીગ ટુર્નામેન્ટનું આયોજન








જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૯/૦૯/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટર કૉલેજ પાવર લિફટીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે શ્રી અજયકુમાર તોમર (IPS), સુરત શહેર પોલીસ કમિશનર, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સુરત શહેર. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, તેમજ શ્રી નિતીનભાઈ ભજિયાવાળા, પ્રેસિડન્ટ, બાલાજી વ્યાયમ શાળા, સુરત. જ્યારે માનવંતા મહેમાન તરીકે શ્રી પ્રકાશચંદ્ર પટેલ (ડાયરેકટર, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) જ્યોત ટ્રસ્ટ અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, સભ્યશ્રી મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશ રાણા તેમજ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના સ્પોર્ટસ ટીચર હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરાયા હતા. ટુર્નામેન્ટમાં યુનિવર્સિટી સંલગ્ન ૫૧ કૉલેજોના ૨૫૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ. ભાવેશભાઈ પચ્ચીગર તેમજ ડૉ. પ્રદિપકુમાર લેન્કા (સ્પોર્ટસ ટીચર) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ, અમરોલીમાં યોજાયેલ યુનિવર્સિટી ઈન્ટર કૉલેજ પાવર લિફટીગ ટુર્નામેન્ટ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સમાં તા. ૨૯/૯/૨૦૨૩ અને તા.૩૦/૯/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટર કૉલેજ પાવર લિફટીગ ટુર્નામેન્ટન – ભાઈઓનું આયોજન થયું હતું. ટુર્નામેન્ટની ૫૧ કૉલેજોના ૨૫૮ સ્પર્ધકો પૈકી ૫૯ કેજી વજનમાં યાદવ થુરૂપથિક કે. – શ્રીનાથજી કૉલેજ ઓફ બિઝનેસ એડમીનિટ્રેશન, દમણ, ૬૬ કે.જી. વજનમાં બારાભાઈ તુષાર–નવયુગ કોમર્સ કૉલેજ, સુરત, ૭૪ કે.જી.માં ખડકા પારસ આર. – એસ.ડી.જૈન ઈર્ન્ટનેશનલ કૉલેજ વેસુ, સુરત, ૧૦૫ કેજી હાશમી એહમદ એ. રોફેલ કૉલેજ વાપી, ૧૨૦ કે.જી.માં શેખ આફતાબ એ. દોલત ઉષા કૉલેજ, વલસાડ, ૧૨૦+ કે.જી.માં પટેલ દિપકુમાર એ.પી.જી.સાયન્સ કૉલેજ બારડોલી પ્રથમ વિજેતા તરીકે રહ્યા હતા. જ્યારે સમગ્ર ટુર્નામેન્ટમાં ચેમ્પ્યનશીપ વિજેતા તરીકે એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કૉલેજ, વેસુ રહી હતી. વિજેતાઓને પ્રોત્સાહિત કરવા કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, બી.સી.એ. વિંટર કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા, પ્રા. વિરલ પટેલની વિશેષ હાજરી રહી હતી. ટુર્નામેન્ટની તમામ કેટેગરીના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ગોલ્ડ મેડલ, સીલ્વર મેડલ, બ્રોન્ઝ મેડલ આપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી તરફથી સિલેકટર તરીકે શ્રી પ્રશાંતભાઈ, ડૉ. મયુર પટેલ, ડૉ. રૂસ્તમ સદરી તેમજ ડૉ. પ્રદિપ લેંકાએ સેવા આપી હતી. સમગ્ર ટુર્નામેન્ટ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. ભાવેશભાઈ પચ્ચીગર તેમજ ડૉ. પ્રદિપ લેન્કા (સ્પોર્ટસ ટીચર) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.











## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### શિક્ષક દિનની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં NSS વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. ૫૬ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક બનવાની તક મેળવી, સુંદર રીતે અધ્યાપન કાર્ય કર્યું હતું. સમાજને આજે ઉત્તમ શિક્ષકની કેટલી જરૂર છે? એ બાબત પર ખાસ ધ્યાન રાખવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુચારુ રીતે સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. પાર્થ ઠક્કરે તથા પ્રોગ્રામ ઓફિસર ડૉ. એન.બી.સોલંકી કર્યુ હતું. વિદ્યાર્થી મિત્રોએ પણ પોતાના પ્રતિભાવને વ્યકત કરી, સમાજના ઘડતર માટે પોતાનો ફાળો આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. અંતે પ્રોગ્રામ ઓફિસર પ્રા. પાર્થ ઠક્કર દ્વારા આભારવિધિ કરવામાં આવી અને રાષ્ટ્રગાન બાદ સૌ છૂટા પડયા હતા.







## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કૉલેજ, સુરત.

### VTP'S GOT TALENT કાર્યક્રમનું આયોજન



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ VTP'S GOT TALENT કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રતિભાનું પ્રદર્શન જોવા મળ્યું હતું. જેમાં સંગીત, નૃત્ય, વકતવ્ય, એથ્લેટિક્સ વગેરેની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં કુલ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા બતાવી હતી. આ કાર્યક્રમમા નિર્ણાયક તરીકે શ્રી સપન શાહ, શ્રી સિદ્ધિ અગરવાલ, શ્રી કષ્ટી પરમાર અને શ્રી આસ્થા જૈન ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થાના વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાન્ત શાહ તેમજ બી.એડ્.ના પ્રધાનાચાર્ય ડૉ. બિન્ની મહેતા, બીસીએના પ્રધાનાચાર્ય પ્રા. ચેતન રાઠોડ, બી.કોમ.ના પ્રધાનાચાર્ય પ્રા.અજય પાટીલ તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

### રક્ષાબંધન પર્વ




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અનોખો રક્ષાબંધન પર્વ ઉજવાયો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રજવલનથી કરવામાં આવ્યો. ત્યારબાદ ટ્રસ્ટીશ્રીઓએ સંસ્થાના પ્રધાનાચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન પર્વ ઉજવયો હતો. ત્યારબાદ ટ્રસ્ટીઓને ત્રણેય કૉલેજના પ્રધાનાચાર્યોએ રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ લીધા હતા. કાર્યક્રમમાં પ્રમુખશ્રી સુધાકરજીએ અધ્યાપકો પાસે રાષ્ટ્ર નિમાર્ણમાં સારા શિક્ષકો, નાગરિકો તૈયાર કરવા, મૂલ્યો આધારિત શિક્ષણ આપવા, રાષ્ટ્રહિત માટે કાર્ય કરવા, રાષ્ટ્રના કલ્યાણ માટે હંમેશા તત્પર રહેવા, ભારતીય સંસ્કૃતિનું જતન કરવા માટે સંકલ્પ લેવડાવ્યો હતો. કાર્યક્રમને અંતે કલ્યાણમંત્ર ગાન બાદ છૂટા પડયા હતા.

### રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મેજર ધ્યાનચંદની જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય રમત દિવસ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ, બી.એડ્ના પ્રધાનાચાર્યા ડૉ.બિન્ની મહેતા, બીસીએના પ્રધાનાચાર્ય પ્રા. ચેતન રાઠોડ, બી.કોમ.ના પ્રધાનાચાર્ય પ્રા. અજય પાટીલ તેમજ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રજવલનથી કરવામાં આવ્યો હતો. મેજર ધ્યાનચંદ અને રાષ્ટ્રીય રમત દિવસ વિશે બી.કોમ.ના પ્રધાનાચાર્ય પ્રા.અજય પાટીલ દ્વારા પ્રસ્તુતી કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામે પોતાના સ્વાસ્થયને સ્વસ્થ રાખવા માટે સંકલ્પ લીધો કાર્યક્રમની આભારવિધિ પ્રા. અંકિત જાદવ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. જેને સંસ્થા પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે.

### આંતરરાષ્ટ્રીય યોગ સપ્તાહની ઉજવણી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ સપ્તાહ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૧/૬/૨૦૨૩ થી ૨૪/૬/૨૦૨૩ સુધી યોગ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણેય કૉલેજના વિદ્યાર્થીઓએ વિવિધ યોગ ક્રિયાઓ, આસનો શીખ્યા હતા. ત્યારબાદ તા. ૨૪ જૂનના રોજ યોગ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે બહેનોમાં કાકડિયા અમી, દ્વિતીય ક્રમે પલસાણિયા ફાતેમા તૃતીય ક્રમે ઉપાધ્યાય નેન્સી તેમજ ભાઈઓ પ્રથમ ક્રમે કુમાર ફેનિલ, દ્વિતીય ક્રમે પટેલ શાહિદ, તૃતીય ક્રમે ગોયેલ બીરેન વિજેતા થયા હતા. આ તમામ વિજેતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. યોગ સપ્તાહનું આયોજન પ્રાધ્યાપક અંકિત જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, મંત્રીશ્રી નીરજભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ તથા ત્રણેય સંસ્થાના પ્રધાનાચાર્યો અને અધ્યાપકોએ તમામ વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

**શિક્ષક દિનની ઉજવણી**



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતી ઉજવવામાં આવી હતી. શિક્ષક દિન નિમિત્તે કુલ ૪૪ વિદ્યાર્થીઓ દ્વારા ટ્રસ્ટીશ્રી, પ્રધાનાચાર્ય અને વિવિધ વિષયોના શિક્ષકો તેમજ કારકુન, ગ્રંથપાલ અને પાટવાળાની જવાદબારી નિભાવવામાં આવી હતી. જેમાં લેકચર્સનું પણ આયોજન કરાવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સરસ રીતે શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કૉલેજના ડૉ. પૂજા પંચાલ અને પ્રા. વંદન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

**શિક્ષક દિનની ઉજવણી**




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા ટ્રસ્ટીશ્રી, પ્રધાનાચાર્ય અને વિવિધ વિષયોના શિક્ષકો તેમજ કલાર્ક, લાયબ્રેરીયન અને પટાવાળાની જવાબદારી નિભાવવામાં આવી હતી. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ

સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૬ લેક્ચર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબજ સરસ રીતે શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સારી રીતે શિક્ષણ કાર્ય કરે તે માટે તેમના વચ્ચે 'શ્રેષ્ઠ શિક્ષક'ની સ્પર્ધા રાખવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત માટે તેમને પ્રથમ તેમજ દ્વિતીય ક્રમ અને સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કૉલેજના પ્રધાનાચાર્ય શ્રી અજયભાઈ પાટીલ તેમજ તમામ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પાસે રાષ્ટ્ર નિમાર્ણમાં સારા શિક્ષકો, નાગરિકો બનવા માટે આપણી ભારતીય સંસ્કૃતિને જાળવી રાખવા માટેની તેમજ રાષ્ટ્રહિત માટે કાર્ય કરવા, રાષ્ટ્રના કલ્યાણ માટે હંમેશા તત્પર રહેવા માટે તેમજ આજથી 'ઇન્ડિયા' શબ્દના સ્થાને 'ભારત' શબ્દનો ઉપયોગ કરવા માટે સંકલ્પ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કૉલેજના પ્રા. હિમાંશુ ચૌહાણ અને પ્રા. ભાવિની મહુવાગરા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શિક્ષક દિનની ઉજવણી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ભારત રત્ન, મહાન શિક્ષણવિદ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતી ઉજવવામાં આવી હતી. શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમમાં અતિથિ તરીકે ડૉ. ભાવેશભાઈ મોદી (આસિસ્ટન્ટ પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ, પ્રધાનાચાર્યા ડૉ. બિન્નીબેન મહેતા, અધ્યાપકો અને તાલીમાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ નૃત્ય નાટિકા, કાવ્યપઠન, વકતવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓએ અધ્યાપકો વિશે કવિતા, લેખ લખીને હસ્તલિખિત અંક તૈયાર કર્યો હતો. જેનું વિમોચન અતિથિશ્રી અને ટ્રસ્ટીશ્રીઓએ કર્યું હતું. કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદ્દબોધન ડૉ. બિન્નીબેન મહેતાએ રજૂ કર્યું હતું. અતિથિ ડૉ.ભાવેશભાઈ મોદીએ તાલીમાર્થીઓને શૈક્ષણિક તાલીમ અને શિક્ષક વિષય પર શૈક્ષણિક તાલીમની કઈ કઈ બાબતો પ્રેરણાદાયી શિક્ષક બનાવે છે? તે અંગે વિવિધ દસ ઘટકો પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તરએ તાલીમાર્થીઓને શિક્ષક દિન નિમિત્તે આર્શીવચનો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.અમિતભાઈ સુરતી અને પ્રા. સાગરભાઈ ગાંધીએ કર્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને શિક્ષકદિન નિમિત્તે પોતાના પ્રિય શિક્ષકને ટપાલ લખી સંસ્થા દ્વારા પોસ્ટ મોકલવામાં આવ્યા હતા.

## ગણેશઉત્સવનું આયોજન





શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કૉલેજ, વી.ટી. પોદ્દાર બી.સી.એ. કૉલેજ, વી.ટી.પોદ્દાર કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા.૧૯/૦૯/૨૦૨૩ થી ૨૩/૦૯/૨૦૨૩ના રોજ સુધી ગણેશઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ સ્થાપના બાદ પાંચ દિવસ સુધી ગણેશજીની પૂજા–અર્ચના કરવામાં આવી હતી. તેમજ સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અંતિમ દિવસે મહાઆરતી અને છપ્પનભોગ ધરાવવામાં આવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મહાપ્રસાદી કૉલેજની આસપાસ રહેણાંક વિસ્તારમાં રહેતા લોકોને વહેંચી, તેમજ પ્રમુખપાર્ક બીઆરટીએસ સર્કલ પર સેવા બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કર્મચારીગણને પણ પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાઆરતીમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, પાંડેસરાના PSI, તેમજ અન્ય પોલીસ કર્મચારીગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાઆરતીમાં ત્રણેય કૉલેજના શૈક્ષણિક કર્મચારીગણ, બિન શૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ત્યારબાદ ઇકોફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમાને કૉલેજના ગાઉન્ડમાં ખાડો ખોદીને ભકિતભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન સમયે ગણપતિ બાપ્પા મોરયાના નાદ સાથે આખું સંકુલ ગુંજી ઉઠયું હતું.

## શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત

### શિક્ષકદિનની ઉજવણી





ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતી નિમિત્તે પરંપરાથી તા. ૫ મી સપ્ટેમ્બરે ઉજવાતા 'શિક્ષકદિનની' વરાછા સ્થિત શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓએ શિક્ષક બની પોતાની કામગીરી ઉમદા અને સુપેરે નિભાવી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ વરસાણી તેમજ સંયોજક ડૉ. મહેન્દ્ર ત્રિવેદી અને ડૉ. ચંદ્રાવલી તળાવિયાએ ઉત્સાહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### જન્માષ્ટમીની ઉજવણી





શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં જન્માષ્ટમી પ્રસંગે હિન્દુ સનાતન ધર્મને ઉચ્ચ સ્થાન આપનારા, ઉત્કૃષ્ટ રાજનેતા, પૂર્ણ પુરુષોત્તમ માખણ ચોર, એવા જગતગુરુ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય શ્રી ડૉ. ડી.એલ.વરસાણીના અધ્યક્ષસ્થાને તથા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીનીઓની ઉપસ્થિતિમાં ભગવાન કૃષ્ણના આગમનના સ્વાગત માટે પારણું બાંધી ઝુલાવવાનો પ્રસંગ, દહીહાંડી, ભજનો, રાસ, નૃત્યથી ગોકુળમાં કોણ છે? રાજા રણછોડ છે. ના નાદ સાથે કૉલેજ નું પ્રાંગણ ભગવાન કૃષ્ણનાં ભકિતભાવથી ગૂંજી ઉઠયું હતું. આ કાર્યક્રમથી કૉલેજની વિદ્યાર્થીનીઓ આધ્યાત્મિક તથા ભકિતનાં રંગથી તરબોળ થઈ હતી.

### અંગદાન જાગૃતિ અંતર્ગત વ્યાખ્યાન



શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ સુરત તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત તેમજ અંગ દાન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ભારત દેશના અને સન્માનિત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે અંગદાન જાગૃતિ પખવાડિયા અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય નામાંકિત ડૉકટર સમાજસેવિકા ડૉ. પારૂલબેન વડગામાનું વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમના અધ્યક્ષ આચાર્યશ્રી ડૉ. ડિ.એલ. વરસાણીએ પારૂલબેન વડગામાનું સ્વાગત કર્યું હતું. ડૉ. પારૂલબેને પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, દેહદાન કે અંગદાન દ્વારા કેટલાય વ્યકિતઓની સાથે પોતાના પરિવારને પણ નવું જીવન મળે છે. દેહદાનના અવયવો કાઢી લીધા બાદ પણ શરીરને ખૂબ જ સન્માન સાથે અગ્નિદાહ આપવામાં આવે છે. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે ફેસબુક દ્વારા વધારેમાં વધારે પ્રચાર કરો કે જેથી જરૂરતમંદ ઘણા લોકોને અંગોનો લાભ મળી રહે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તથા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહાજન અનાથ બાળશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ.

### શિક્ષક દિનની ઉજવણી



મહાજન અનાથ બાળશ્રમ સંચાલિત મહાજન અનાથ બાળશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપરોક્ત કૉલેજના ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન પણ કરાયું હતું. જેનું સમગ્ર સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જે તે શિક્ષકે અને તેની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓએ પરસ્પર એકબીજાને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કર્યા હતા. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા તેમના એક દિવસીય શિક્ષક તરીકેના અનુભવ અભિવ્યક્ત કર્યા હતા. સમગ્ર પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને સંસ્કૃતિક ભૂમિકા દ્વારા વિવિધ ગુણો આત્મસાત કર્યાની લાગણી અનુભવી હતી. ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને R.V.Patel College, Amroliના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ કૉલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ મિત્રોએ જોડાઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કૉલેજ સ્ટાફના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

## એચ.આર.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી.

### ચક્ષુદાન મહાદાન–જનજાગૃતિ રેલી

તા. ૨/૯/૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે રોટરી આઈ ઇન્સ્ટિટયૂટ નવસારી દ્વારા એમ.જી.જનરલ હોસ્પિટલ, નવસારીથી ચક્ષુદાન મહાદાન–જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એચ.આર.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારીના NSS વિભાગ પણ સહભાગી થયું હતું. કૉલેજના ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. નજમા મલેકના પૂરતા સહયોગથી કૉલેજના સર્વે સ્ટાફ મિત્રો તેમજ મોટી સંખ્યામાં NSSના સ્વયંસેવકો રેલીમાં જોડાઈ રેલીની સફળ બનાવી હતી. નવસારી શહેરના વિવિધ મહાનુભાવો આ રેલીમાં સ્વયં જોડાઈ લોકોમાં ચક્ષુદાન અંગે જાગૃતતા આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## Government Arts College, Sagbara, Narmada.

### હિન્દી દિવસની ઉજવણી

તા. ૧૪મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ હિન્દી દિવસ નિમિત્તે કૉલેજમાં હિન્દી પ્રત્યે જાગૃતિ અને પ્રોત્સાહન વધારવા વિવિધ સ્પર્ધાઓ (કાવ્ય વાંચન, હિન્દી ભજન)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત માં સરસ્વતીની પૂજા, દીપ પ્રાગટ્ય અને ફૂલોના હારથી કરવામાં આવી હતી. ત્યાર બાદ બી.એ. સેમ.–૩ની વિદ્યાર્થીની તડવી નિર્મલાબેને હિન્દીની વૈજ્ઞાનિક સ્થિતિ અને તેના મહત્વ વિશે 'રાજય ભાષા હિન્દી: પરિચય અને મહત્વ'ના રૂપમાં વિગતવાર સમજાવ્યું હતું.

કાવ્યપઠનમાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તડવી નિર્મળાએ પ્રથમ, બારીયા તેજલને દ્વિતીય અને તડવી પાયલને તૃતીય સ્થાન પ્રાપ્ત થયું હતું. ભજન સ્પર્ધામાં કુલ ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાન ભેલ આશિષે, દ્વિતીય સ્થાન પ્રજાપતિ વૈશાલી, તડવી કિંજલે મેળવ્યું હતું. ભજન પ્રસ્તુતિ પછી, હિન્દી વિભાગના પ્રોફેસર ડૉ. સત્યપ્રકાશ આઈ. તિવારીએ હિન્દીની પ્રારંભિક સ્થિતિ અને હિન્દીની વર્તમાન સ્થિતિ વિશે તુલનાત્મક નિવેદન આપ્યું હતું. હિન્દીમાં ભક્તિકાલના યોગદાનનું વર્ણન કરતાં તેમણે કબીરદાસ, તુલસીદાસ, સુરદાસ અને મીરાબાઈના યોગદાનને રેખાંકિત કર્યું અને ફોર્ટ વિલિયમ કૉલેજ વિશે જણાવ્યું. કાર્યક્રમના અંતે કૉલેજના આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ એમ.ડામોરે હિન્દીમાં ફિલ્મો, અનુવાદ અને વિદેશ સેવા સહિત રોજગાર મેળવવાના અનેક ઉદાહરણો આપ્યા હતા જેના થકી આધુનિક સમયમાં હિન્દીનું મહત્ત્વ વધે છે. વિદ્યાર્થીઓને સામાન્ય જીવનમાં પણ હિન્દીનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઇતિહાસના અધ્યાપક પ્રો.ડૉ.હરદાસ આર.રામ અને અંકિતાબેન પરમારે અર્થશાસ્ત્રનું મહત્વ, ભજન સ્પર્ધા અને કાવ્યપઠનમાં નિર્ણાયકની ભૂમિકા નિભાવી હતી. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના પ્રાધ્યાપક પ્રો.ડૉ. જલ્પાબેન પટેલ દ્વારા ખૂબ જ સંકલિત રીતે કરવામાં આવ્યું હતું. સમાજશાસ્ત્રના પ્રોફેસર શ્રી મનોજ બાગુલે આચાર્યશ્રી અને કૉલેજના તમામ સ્ટાફ અને કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Angdaan Sankalp Divas

C. N. Kothari Homeopathic Medical College and Research Center Vyara celebrated "Angdaan Sankalp Divas" by taking pledge of "Angdaan", under the direction of Veer Narmad South Gujarat University and Angdaan Charitable Trust who

celebrated "Angdaan Jagruti Pakhawadiya" on occasion of Birthday of Honourable Prime Minister Shri. Narendra Modi. In this events the Pledge "Angdaan" taken by students & teaching staff of the College and filled form for same, and sent to District Coordinator of Tapi District.

Whole program was coordinated by Dr.Swapnil Khengar and team of Activity Committee under the successful guidance of Principal Dr. (Mrs) Jyoti R.Rao





**Janmashtami Celebration**

On date 06/09/2023, C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated Janmashtami Utsav. Celebration was begun with Krishna Pooja & Aarti followed by Garba and then a group of Girls & Boys Participated in "Matkifod". They were heading towards matki with 'Jaygosh' with full excitement & enthusiasm. The atmosphere was filled with spiritual feeling. 'Matkifod' was followed by Prasad distribution. Event was successfully handled by Dr. Swapnil S. Khengar & team of Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.









**Teacher's day Celebration**

C. N Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara celebrated Teacher's day on 5th September 2023. Students of the fourth BHMS participated as a teacher with great enthusiasm and played their best role as a teacher. All the teachers of Teachers day were judged by Teaching Faculties and following teachers were awarded with $1^{st}$ & $2^{nd}$ prizes.

| | |
|---|---|
| **First BHMS** | |
| 1st Prize | Shubhanginee Chauhan |
| 2nd Prize | Princy Vaghasiya |
| **Second BHMS** | |
| 1st Prize | Nisha Zinzala |
| 2nd Prize | Hiteshi Patel |
| **Third BHMS** | |
| 1st Prize | Ronit Kachchhi |
| 2nd Prize | Laeeba Shaikh |
| **Fourth BHMS** | |
| 1st Prize | Dhruti Solanki |
| 2nd Prize | Janvi Fulwala |

All teachers of Teacher's Day were awarded with certificates, flower and pen. On this occasion all the teaching faculties were felicitated with flowers and Gift. The whole program was coordinated by Dr. Swapnil Khengar and his team under the guidance of Principal Dr Jyoti Rao. All dispersed after having delicious Lunch.



## Awareness programme 'ગુજરાત સરકારની આગવી પહેલ અભયમ મહિલા હેલ્પલાઈન'

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara arranged an awareness programme of **"ગુજરાત સરકારની આગવી પહેલ અભયમ મહિલા હેલ્પલાઈન"** for the girls students of the college On 14/09/2023. In this event Mrs. Daminiben Gamit, Counsellor 181 from Vyara and Mrs. Sangitaben Prajapati, Woman Assistant Police Sub Inspector from Mahila Police Station, Vyara remained present and delivered an informative speech, important guidelines, advises on Mahila Helpline. The whole program was coordinated by Dr. Swapnil Khengar and his team under the guidance of Principal Dr.(Mrs)Jyoti R. Rao.






## Ganesh Utsav - 2023

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara had organized "Ganesh Utsav - 2023" from 19/09/2023 to 23/09/2023. Students and staff members of Institute established an "Eco-friendly" idol of Lord Ganesha. Everyday Aarati of God Ganesha was done in morning and evening by all year students and faculty members.

On 22/09/23 arrangement of "Maha Aarti" and "56 Bhog" offered to lord Ganesha in presence of Donor Mrs. Ramaben Harshadbhai Shah and Mr. Kaushangbhai Jagdishchandra Shah and his family with other Trustee members. On Last day 23/09/2023 of Ganesh Utsav there was arrangement of "Satyanarayan Katha".

After that immersion was done in spiritual atmosphere with DJ & Dhol. These whole programme was conducted by Students of Ganesh Committee & Activity Committee Head Dr. Swapnil S. Khengar and team under guidance of Principal Dr. Jyoti Rao.







## Awareness Programme on POCSO

C. N. Kothari Homeopathic Medical College and Research Centre, Vyara has arranged Awareness Programme on Protection Of Children From Sexual Offences (POCSO) for the students of 1st year BHMS on date 27/9/23 at college auditorium. In which the Chief Guest was Hemlataben Pandit Madam- Senior Civil Judge and Additional Chief Judicial Magistrate, Dr.M.A. Multani - Women and Child Development Officer and her team gave the information about "Awareness of POCSO".

Anchoring of the programme was done by Dr Dhruni Gavli and Vote of thanks given by Dr. Swapnil Khengar. The programme ended with terminated by National Anthem.

All the programme was successfully completed by Dr. S. S. Khengar and his team of Activity Committee under the successful guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.







## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### રક્ષાબંધન દ્વારા સ્નેહબંધન વિષય પર વિચાર ગોષ્ઠીનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૧/૯/૨૦૨૩ ના રોજ સામુદાયિક સેવા ધારા અંતર્ગત 'રક્ષાબંધન દ્વારા સ્નેહબંધન' વિષય પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યવક્તા શ્રી પ્રકાશભાઈ કપુરિયાએ વિદ્યાર્થીઓને દેશનાં આર્થિક વિકાસમાં એકતાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન પ્રાધ્યાપક પ્રા.મહેશ પટેલ અને પ્રા.બિનાઈફર ડુમસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીએ પ્રોત્સાહન પૂરું પાડયું હતું.



### G-20 પર ડીબેટ સ્પર્ધાનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૬/૯/૨૦૨૩નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગની 'Econ Wit' ક્લબ દ્વારા ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનાં વિષયો 'The effect of G20 Summit on the India Economy' VG[ 'The Impact of G20 decisions on India's Foreign Direct Investment' પર સ્પર્ધકોએ તરફેણમાં અને વિરુદ્ધમાં તેમની દલીલો રજૂ કરી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રાધ્યાપક ડૉ. ધવલ પંડયાએ વિદ્યાર્થીઓને સ્પર્ધા વિષે માહિતી આપી હતી. સ્પર્ધામાં પ્રથમ શાહ જ્યોતિ અને યાદવ શાલુ, દ્વિતીય મિશ્રા ઓમ અને સિંગ હર્ષિતા તેમજ તૃતીય ઝા ખુશી અને ચૌમાલ કમલેશ વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધાનું સફળ સંચાલન પ્રાધ્યાપક પ્રા. ઉર્વશી મહિસુરી અને પ્રા. યાશી પરમાર દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. કલ્પેશ કંસારા અને ડૉ તથાગત પટેલે સેવા આપી હતી.





## Movie Review સ્પર્ધાનું આયોજન





તા. ૧૨/૯/૨૦૨૩નાં રોજ ઉધના કૉલેજમાં નાટ્ય ધારા અંતર્ગત Movie Review સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં Sci-fi આધારિત ફિલ્મોની વિદ્યાર્થીઓએ સમીક્ષા કરી હતી. સ્પર્ધામાં મશરુવાલા નિશ્ચય (FYBCA)એ પ્રથમ અને ઠક્કર કેવલ (SYBCA)એ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનુ સફળ આયોજન કૉલેજ પ્રાધ્યાપક પ્રા.આરતી પટેલ દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતામાં ગીત–સંગીત–નૃત્ય ધારાનાં હેડ ડૉ. હેતલ શાહ અને નાટ્ય ધારાનાં હેડ પ્રા. જીનલ પુરોહિતે જરૂરી સહયોગ આપ્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. પ્રતિક્ષા દેસાઈ અને પ્રા. ફૈસલ પટેલે સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન



ઉધના કૉલેજમાં જ્ઞાન ધારા અંતર્ગત શિક્ષણ દિનની ઉજવણીનાં ભાગ રૂપે સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મીસલ કરણ (FYBBA)એ પ્રથમ, ઝા રાખી (TYBcom)એ દ્વિતીય અને ઝા ખુશી (SY Bcom)એ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું સફળ આયોજન પ્રાધ્યાપક ડૉ. ક્રીના શાહ અને પ્રા. નિશા મેઘાત દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. કલ્પેશ કંસારાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## ઉધના કૉલેજનાં વિદ્યાર્થીની All India Inter University Gymnastics championshipમાં પસંદગી

ઉધના કૉલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મોહિત તોમર (FYBCA)એ RM કોમર્સ કૉલેજ, રાજપીપળા ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની Gymnastics પસંદગી ટ્રાયલમાં ભાગ લઈ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ હાસલ કરવા બદલ મોહિતની All India Inter University Gymnastics Championshipમાં પસંદગી થઈ હતી. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



## અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં ભાગીદારી



તા. ૧૧/૯/૨૦૨૩ના રોજ ઉધના કૉલેજનાં NSS સ્વયંસેવકોએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં અંગદાનના લાભાર્થી શ્રી દિલીપભાઈ દેશમુખે સમાજમાં અંગદાનની જાગૃતિ વધારવા માટે પ્રેરણા આપી હતી. મુખ્ય કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ ફાઈન આર્ટ વિભાગની આર્ટ ગેલેરીની મુલાકાત લઈ આકર્ષક ચિત્રો અને ચિત્રો સાથે કલાકારોનાં કલાત્મક વિચારોનું પ્રદર્શન જોયુ હતું. કૉલેજનાં વિદ્યાર્થીઓને અંગદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કેટલાંક વિદ્યાર્થીઓએ અંગદાન માટે ફોર્મ ભર્યું અને શપથ લીધા હતા. પ્રા. ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરિયા, પ્રા. મહેશ પટેલ, પ્રા.વિશ્વા મહેતા અને પ્રા.માધુરી ભાયાવાલાએ આચાર્ય આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ સાથે સંકલન કર્યું હતું.

## India @ Space થીમ પર આધારિત ચિત્રકળા સ્પર્ધા





તા. ૧૧/૯/૨૦૨૩ના રોજ ઉધના કૉલેજમાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત ચંદ્રયાન ઉત્સવનાં ભાગરૂપે India @ Space થીમ પર આધારિત ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. સ્પર્ધામાં સ્વાતી સિંગ (SYBCOM)એ પ્રથમ, સૂરજ ભાનરકર (TY BCOM)એ દ્વિતીય અને દિપાલી ધોતે (SYBCA)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનાં ફોટા ફેસબુક, ટ્વીટર, વ્હોટસએપ વગેરે સોશિયલ મીડિયા પર શેર કરી ચંદ્રયાન ઉત્સવમાં સહભાગી બની હતી. સ્પર્ધાનું આયોજન પ્રા. ડૉ. અમીના નાખુદા અને પ્રા. વિશ્વા મહેતાએ કર્યું હતું. સમિતિનાં સભ્યોએ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ.ડેઈઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ, કૉ–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડીયાળી અને કલા કૌશલ્ય સમિતિનાં હેડ ડૉ. કલ્પેશ કંસારાનો માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે એમ.જે.મહેતા પ્રાથમિક શાળાનાં શિક્ષક વિમલ ઉપાધ્યાય અને ભૂપેન્દ્રભાઈ પટેલે સેવા આપી હતી.

## સ્પોર્ટ્સ Free Fire Championship 2023નું આયોજન







તા. ૧૧/૦૯/૨૦૨૩ના રોજ ઉધના કૉલેજની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ઇ–સ્પોર્ટ્સ Free Fire Championship 2023નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ ૩ દિવસ સુધી ચાલી હતી જેમાં કુલ ૨૮ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો હતો. આ ટુનામેન્ટનો અંતિમ રાઉન્ડ તા.૧૬/૯/૨૦૨૩નાં રોજ થયો હતો. જેમાં પ્રથમ ક્રમ ટીમ 'ઉધના ઇ–સ્પોર્ટ્સ' દ્વિતીય ક્રમ ટીમ 'જ હોપલેસ' અને તૃતીય ક્રમ ટીમ 'યુ.સી.વોરિયર્સ'એ પ્રાપ્ત કર્યો હતો. પ્રેમ માળીને મેન ઓફ ધ સિરીઝ ઘોષિત કરવામાં આવ્યો હતો. વિજેતા ટીમોને આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડીયાળી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. સમિતિનાં સભ્યોએ તમામ મહાનુભાવો અને ગ્રંથપાલ પ્રા. લતા પરમારનો સમર્થન અને પ્રેરણા બદલ આભાર વ્યકત કર્યો હતો.

## સ્વિમિંગ સ્પર્ધામાં સિદ્ધિ





ઉધના કૉલેજમાં વિદ્યાર્થીઓએ નારણલાલા કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી દ્વારા આયોજિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કૉલેજ સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૧૫થી વધુ કૉલેજોએ ભાગ લીધો હતો જેમાં ઉધના કૉલેજ ૭૯ પોઇન્ટ સાથે સમગ્ર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચેમ્પિયન બની હતી. તે ઉપરાંત પુરુષ વિભાગમાં વ્યકિતગત વિજેતા અને ઉપવિજેતા ઉધના કૉલેજનાં વિદ્યાર્થીઓ રહ્યા હતાં. અનિકેત પટેલ (FYBCA) ૨૯ પોઇન્ટ સાથે વિજેતા બન્યો હતો. નિલય કનિરકર (FYBCom) ૨૬ પોઈન્ટ સાથે ઉપવિજેતા બન્યો હતો. કરણ નાગપુરે (SYBCom) ૨૪ પોઇન્ટ મેળવ્યા હતા. આ ત્રણ ખેલાડીઓ ઓકટોબર મહિનામાં SRM યુનિવર્સિટી, ચેન્નાઈ ખાતે યોજાનારી ટુર્નામેન્ટમાં કૉલેજ અને યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ તેમજ જીમખાના સમિતિનાં તમામ સભ્યોએ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રમતગમત ક્ષેત્રે સિદ્ધિ

ઉધના કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી પટેલ રોનિત (SYBCom)એ Surat District Cycling Championshipમાં રોડ સાઈકલીંગ (જુનિયર વર્ગ)માં પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. રોનિતની આગામી મહીને યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. ઉધના કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી કરણ નાગપૂરે (SYBCom)એ સુરત ખાતે આયોજિત Gujarat State Triathlon Championshipમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કરણની ગોવા ખાતે યોજાનાર નેશનલ ગેમ્સમાં પસંદગી થઈ છે. બંને ખેલાડીઓએ ગત વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ટીમ વતી ઉત્કૃષ્ટ દેખાવ કરી ટીમને ઉપવિજેતા બનાવી હતી. કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ બંને ખિલાડીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ બંને વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## આનંદ કોમર્સ કૉલેજ સાથે MoU

તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ઉધના કૉલેજે આનંદ કોમર્સ કૉલેજ સાથે શૈક્ષણિક અને મૂલ્ય શિક્ષણ માટે એક MoU કર્યો છે. જેમાં બે કૉલેજ વચ્ચેના સહયોગમાં વિવિધ પ્રવૃત્તિઓ સામેલ હશે. આ MoUનો ઉદ્દેશ બે કૉલેજો વચ્ચે તેમના દરેક સંશાધનોના વધુ અસરકારક ઉપયોગને પ્રોત્સાહન આપવા અને તેમાંથી દરેકને ઉન્નત તકો પ્રદાન કરવા માટે સહયોગ અને સહકારનો છે. આ MoU પાછળનો હેતુ તાલીમ, ચર્ચાઓ, પરિસંવાદો, કાર્યશાળાઓ, પરિષદો અને બૌદ્ધિક સત્રો દ્વારા કૌશલ્ય અને મૂલ્ય આધારિત શિક્ષણ પર સહકાર આપવા અને પ્રયત્નો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આણંદ કોમર્સ કૉલેજના પ્રતિનિધિ, મદદનીશ પ્રોફેસર ડૉ. પ્રશાંત પટેલ, ઉધના કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ સાથે ઔપચારિકતાઓ પૂર્ણ કરવા અને MoUના વિવિધ પાસાઓની ચર્ચા કરવા કૉલેજની મુલાકાત લીધી. ઉધના કૉલેજ નવા શૈક્ષણિક ભાગીદાર આનંદ કોમર્સ કૉલેજ સાથે આકર્ષક, ફળદાયી અને પરસ્પર લાભદાયી ક્રિયા પ્રતિક્રિયાની આશા રાખી રહી છે.



## સંસ્કૃત શ્લોક સ્પર્ધાનું આયોજન

તા. ૧૧/૦૯/૨૦૨૩ના રોજ ઉધના કૉલેજમાં ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત સંસ્કૃત શ્લોક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ સંસ્કૃત શ્લોકનું પઠન કર્યું હતું. આ સ્પર્ધામાં કોઠાર જીગ્નેશ (SYBCom)એ પ્રથમ, શર્મા પ્રિયા (SYBCom)એ દ્વિતીય અને ઠાકુર સંજીત (TYBCom)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનુ સફળ આયોજન કૉલેજની ગીત સંગીત નૃત્ય ધારાના સભ્ય પ્રા.જીનલ પુરોહિત દ્વારા આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ધારાના સભ્યોએ ઉપાચાય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ.મનિષ કાયસ્થ, કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળી અને ગીત સંગીત નૃત્ય ધારાનાં હેડ ડૉ. હેતલ શાહનો તેમણે આપેલ સહકાર અને પ્રોત્સાહન બદલ આભાર વ્યકત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. ધવલ પંડયા અને પ્રા. નિશા મેધાતએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.





## ભગવાન શ્રીસત્યનારાયણની કથાનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૨૮/૭/૨૦૨૩નાં રોજ ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ સહિત કૉલેજનાં સભ્યોએ કથામાં ભાગ લીધો હતો. ટ્રસ્ટ પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ અને મંત્રીશ્રી કાંતિલાલ પટેલ અને સહમંત્રીશ્રી કેતનભાઈ શાહ આ પ્રસંગે હાજર રહી સંસ્થાની પ્રગતિ અને સમૃદ્ધિ માટે મંગલ કામના કરી હતી. કૉલેજ પરિવારનાં તમામ સભ્યોએ ભગવાન શ્રી સત્યનારાયણનાં આશીર્વાદ લીધા હતાં. આરતી અને પ્રસાદી ભોજન સાથે કથા સમાપ્ત થઈ.





## ગણેશ ઉત્સવની ઉજવણી

તા. ૧૮/૯/૨૦૨૩ના રોજ ઉધના કૉલેજમાં ગણેશ ઉત્સવના ભાગ રૂપે ભગવાન શ્રી ગણેશના આગમનની ઉજવણી કરવા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કૉલેજ સ્ટાફ જોડાયા હતા. વિદ્યાર્થીઓ ઉત્સવના મૂડમાં હતા અને તેઓએ ગણપતિ બાપ્પા પ્રત્યેનો આનંદ અને પ્રેમ વ્યકત કરવા ડાન્સ કર્યો હતો. સમગ્ર કૉલેજ કેમ્પસ 'ગણપતિ બાપ્પા મોર્યા'ના નાદથી ગૂંજી રહ્યું હતું. કાર્યક્રમનું આયોજન કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-9-2023 to 30-9-2023

| Detail | Description | Sept.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 554 | |
| | Internet Lab User | 127 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 303 | |
| | Research Scholars | 13 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 8 | |
| | Online User | 0 | |
| | Total | | 1007 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| September-2023 | 1020 | 925 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2023 | 08 |
| Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2023 | 18 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2023 | 16 |
| Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in